dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 285 | AD - 2025, Ashadh Vad-09 | Saturday, Dt.19-07-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### મોતીહારીમાં પ્રધાનમંત્રીએ જાહેરસભાને સંબોધી, વિપક્ષો પર આકરા પ્રહારો કર્યા

# બિહારમાં ગરીબ કલ્યાણ માટેની યોજનાઓ સીધી ગરીબો સુધી પહોંચી : મોદી

(એચ.એસ.એલ),પટણા,તા.૧૮

પીએમ મોદી શુક્રવારે બિહારના મોતીહારી જિલ્લાના પ્રવાસે ગયા હતા. અહીં મોતીહારીમાં તેમણે એક જાહેર સભાને સંબોધિત કરી હતી. તેમણે બિહારને ઘણી ભેટો પણ આપી હતી. પીએમ મોદીએ સભાની શરૂઆત ભોજપુરીમાં કરી હતી, આ કહેતા તેમણે કહ્યું, આ પવિત્ર શ્રાવણ મહિનામાં, આપણે બાબા સોમેશ્વર નાથના ચરણોમાં નમન કરીએ છીએ. અમે તેમના આશીર્વાદ માંગીએ છીએ કે બિહારના તમામ લોકોના જીવનમાં સુખ અને સમૃદ્ધિ આવે. પીએમ મોદીએ કહ્યું, ચંપારણની ભૂમિએ ઈતિહાસ રચ્યો છે. સ્વતંત્રતા સંગ્રામમાં, આ ભૂમિએ ગાંધીજીને એક નવી દિશા બતાવી, હવે આ ભૂમિની પ્રેરણા બિહાર માટે એક નવું ભવિષ્ય બનાવશે.

પીએમ મોદીએ કહ્યું, પૂર્વના દેશો વિકાસની નવી ગતિ પકડી રહ્યા છે. જેમ દુનિયામાં પૂર્વી દેશો વિકાસમાં આગળ વધી રહ્યા છે, તે જ યુગ આપણા દેશમાં પૂર્વી રાજ્યોનો છે. જેમ પશ્ચિમમાં મુંબઈ છે, મોતિહારી પૂર્વમાં જાણીતું બનશે, જેમ પશ્ચિમમાં ગુરુગ્રામ છે, ગયાજીમાં પણ આવી જ તકો હોવી જોઈએ, પટનામાં પુણેની જેમ વિકાસ થવો જોઈએ, બીરભૂમના લોકોએ બેંગલુરુની જેમ આગળ વધવું જોઈએ. પૂર્વી ભારતને આગળ લઈ જવા માટે, આપણે બિહારને વિકસિત બિહાર બનાવવું પડશે. આજે, બિહારમાં કામ ખૂબ ઝડપથી થઈ રહ્યું છે કારણ કે કેન્દ્રમાં અને રાજ્યમાં બિહાર માટે કામ કરતી સરકાર છે. હું તમને એક આંકડો આપીશ, જ્યારે કેન્દ્રમાં કોંગ્રેસ અને આરજેડીની સરકાર હતી, ત્યારે યુપીએના દસ વર્ષમાં બિહારને ફક્ત ૨ લાખ કરોડ રૂપિયા મળ્યા હતા, એટલે કે, આ લોકો નીતિશજીની સરકાર પાસેથી બદલો લઈ રહ્યા હતા. તેઓ બિહાર પાસેથી બદલો લઈ રહ્યા હતા. ૨૦૧૪ માં, તમે મને કેન્દ્રમાં સેવા કરવાની તક આપી, ત્યારબાદ મેં બિહાર પાસેથી બદલો લેવાની તે જૂની રાજનીતિનો અંત લાવ્યો. સમ્રાટ ચૌધરીજી ફક્ત છેલ્લા ૧૦ વર્ષમાં બિહારના વિકાસ માટે આપવામાં આવેલી રકમનો આંકડો જણાવી રહ્યા હતા, જે પહેલા કરતા કેટલી ગણી વધારે છે. અમારી સરકાર કોંગ્રેસ અને આરજેડી કરતા અનેક ગણા વધુ પૈસા બિહારને આપે છે. આ પૈસા બિહારમાં જન કલ્યાણ માટે ઉપયોગમાં લેવાઈ રહ્યા છે.

વિપક્ષ પર નિશાન સાધતા પીએમ મોદીએ કહ્યું, આજની પેઢી માટે એ જાણવું મહત્વપૂર્ણ છે કે બે દાયકા પહેલા બિહાર કેવી રીતે નિરાશામાં ડૂબેલું હતું. આરજેડી અને કોંગ્રેસના શાસન દરમિયાન વિકાસ પર બ્રેક લાગી હતી. ગરીબોના પૈસા ગરીબો સુધી પહોંચવાનું અશક્ય હતું. સત્તામાં બેઠેલા લોકોનો એક જ વિચાર હતો કે ગરીબોના પૈસા કેવી રીતે લૂંટવા. પરંતુ બિહાર એ નાયકોની ભૂમિ છે જે અશક્યને શક્ય બનાવે છે. તમે આ ભૂમિને આરજેડી અને કોંગ્રેસના બંધનમાંથી મુક્ત કરી. તેનું પરિણામ એ છે કે આજે બિહારમાં ગરીબ કલ્યાણ માટેની યોજનાઓ સીધી ગરીબો સુધી પહોંચી રહી છે. છેલ્લા ૧૧ વર્ષમાં, પીએમ આવાસ યોજના હેઠળ દેશમાં ગરીબો માટે ૪ કરોડથી વધુ ઘર બનાવવામાં આવ્યા છે. તેમાંથી, ફક્ત બિહારમાં ગરીબો માટે ૬૦ લાખ ઘર બનાવવામાં આવ્યા હતા. એટલે કે, અમે નોર્વે, ન્યુઝીલેન્ડ અને સિંગાપોરની કુલ વસ્તી કરતાં એકલા બિહારમાં ગરીબોને વધુ ઘર આપ્યા છે. ફક્ત આપણા મોતીહારી જિલ્લામાં, લગભગ ૩ લાખ ગરીબ પરિવારોને પાક્કા ઘર મળ્યા છે



અને આ સંખ્યા સતત ઝડપથી વધી રહી છે. આજે પણ, ૧૨૦૦૦ થી વધુ પરિવારોને પાક્કા ઘરોમાં રહેવાનો લહાવો મળ્યો છે. કાયમી ઘરો બનાવવા માટે ૪૦,૦૦૦ પરિવારોના ખાતામાં સીધા પૈસા મોકલવામાં આવ્યા છે. આરજેડી અને કોંગ્રેસના શાસન દરમિયાન ગરીબો માટે આવા કાયમી ઘરો મેળવવા અશક્ય હતા. તેમના શાસન દરમિયાન, લોકોએ તેમના ઘરોને રંગ પણ કરાવ્યા નહોતા. તેમને ડર હતો કે જો રંગકામ કરવામાં આવશે, તો ઘરમાલિકને કાઢી મૂકવામાં આવશે. મહિલાઓ બિહારની સૌથી મોટી તાકાત છે. મહિલા સશક્તિકરણ પર બોલતા પીએમ મોદીએ કહ્યું, આજે બિહાર આગળ વધી રહ્યું છે. આ પાછળ સૌથી મોટી તાકાત બિહારની માતાઓ અને બહેનો છે. લાખો બહેનો આપણને આશીર્વાદ આપી રહી છે. અહીંની માતાઓ અને બહેનો NDA દ્વારા લેવામાં આવેલા દરેક પગલાનું મહત્વ સારી રીતે સમજે છે. યાદ રાખો જ્યારે તમારી પાસે ૧૦ રૂપિયા પણ હતા, ત્યારે તમારે તેને છુપાવીને રાખવા પડતા હતા. કોઈ ખાતું નહોતું, કે તમને બેંકોમાં પ્રવેશવાની મંજૂરી નહોતી. મોદી જાણે છે કે ગરીબોનું આત્મસન્માન શું છે. મોદીએ બેંકોને પૂછ્યું કે ગરીબો માટે દરવાજા કેમ નથી ખુલતા અને પછી મેં જન ધન ખાતા ખોલાવ્યા. આ પછી, અમે સરકારી યોજનાઓના પૈસા સીધા આ ખાતાઓમાં મોકલવાનું શરૂ કર્યું. મારા મિત્ર નીતિશજી પણ જાહેરાત કરી રહ્યા હતા કે વૃદ્ધો, અપંગ અને વિધવા માતાઓનું પેન્શન ૪૦૦ રૂપિયાથી વધારીને ૧૧૦૦ રૂપિયા કરવામાં આવશે. આ બધા પૈસા સીધા તમારા ખાતામાં જશે. બિહારમાં લખપતિ દીદીઓની સંખ્યા સતત વધી રહી છે. દેશમાં, અમે ત્રણ કરોડ બહેનોને લખપતિ દીદી બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે, જેમાંથી ૧.૫ કરોડ લખપતિ દીદીઓમાંથી બિહારમાં પણ ૨૦ લાખથી વધુ મહિલાઓ લખપતિ દીદી બની છે. આજે અહીં ૪૦૦ કરોડ રૂપિયાનું સમુદાય રોકાણ ભંડોળ પણ બહાર પાડવામાં આવ્યું છે. આ પૈસાનો ઉપયોગ મહિલા શક્તિ વધારવા માટે પણ કરવામાં આવશે. નીતિશજી દ્વારા શરૂ કરાયેલ જીવિકા દીદી યોજનાએ લાખો મહિલાઓને આત્મનિર્ભર બનવાનો માર્ગ મોકળો કર્યો છે. આદિવાસી સમાજમાં પણ, સરકારે સૌથી પછાત લોકો માટે જન મન યોજના શરૂ કરી. તેથી, જે પછાત છે તેઓ અમારી પ્રાથમિકતા છે. બે દિવસ પહેલા જ, કેન્દ્રીય કેબિનેટે પ્રધાનમંત્રી ધન ધન્ય કૃષિ યોજનાને મંજૂરી આપી છે. આ અંતર્ગત, કૃષિની દ્રષ્ટિએ ૧૦૦ પછાત જિલ્લાઓની પસંદગી કરવામાં આવશે. આવા જિલ્લાઓના ખેડૂતોને આ યોજના હેઠળ મદદ આપવામાં આવશે. તેનો સીધો લાભ દેશના લગભગ ૧.૭૫ કરોડ ખેડૂતોને થશે અને તેમાંથી ખૂબ મોટી સંખ્યા બિહારના ખેડૂત ભાઈ-બહેનોની હશે.




## ભારત-ચીન વચ્ચેના સંબંધમાં કોઈની દખલગીરી મંજૂર નથી : એસ.જયશંકર

નવીદિલ્હી, તા.૧૮

ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે તેમના ચીની સમકક્ષ વાંગ યીને સ્પષ્ટપણે કહ્યું છે કે ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં કોઈપણ ત્રીજા દેશ (પાકિસ્તાન) ની દખલગીરી કે હિત માટે કોઈ સ્થાન નથી. અહેવાલ મુજબ, જયશંકરે ૧૪ જુલાઈના રોજ વાંગ યી સાથેની મુલાકાતમાં આ વાત કહી હતી, જ્યાં તેમણે ૨૦૨૦ માં પૂર્વી લદાખમાં LAC પર ચીનની ઘૂસણખોરી પછી બંને દેશો વચ્ચેના સંબંધોની દિશા અંગે ચર્ચા કરી હતી. જયશંકરે આ બેઠકમાં ખુશી વ્યક્ત કરી હતી કે ઓક્ટોબર ૨૦૨૪ માં થયેલા કરાર પછી, ભારતીય સેનાએ ફરીથી ડેપસાંગ અને ડેમચોક વિસ્તારોમાં પેટ્રોલિંગ શરૂ કરી દીધું છે. મિટિંગમાં, જયશંકરે સ્પષ્ટ કર્યું કે ભારત-ચીન સંબંધો કોઈ ત્રીજા દેશની આસપાસ ફરવા જોઈએ નહીં. આ નિવેદન મહત્વપૂર્ણ છે કારણ કે ચીન પાકિસ્તાનને ૮૧% લશ્કરી શસ્ત્રો સપ્લાય કરે છે. આ શસ્ત્રો, જેમાં મિસાઈલો અને વિમાનનો સમાવેશ થાય છે, તેનો તાજેતરમાં પાકિસ્તાનના ઓપરેશન સિંદૂરમાં વ્યાપકપણે ઉપયોગ થયો હતો. જયશંકરે ૧૩ જુલાઈના રોજ એસસીઓ વિદેશ મંત્રીઓની બેઠકમાં આતંકવાદ પર કડક વલણ અપનાવ્યું હતું. તેમણે કહ્યું કે એસસીઓનો ઉદ્દેશ્ય આતંકવાદ, અલગતાવાદ અને ઉગ્રવાદ સામે લડવાનો છે.












## કૃષિ રાહત પેકેજમાં માત્ર કપાસનો સમાવેશ થતા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે

# ખેડૂતોને સાથે રાખી લીલીયા મામલતદારને આવેદન પાઠવ્યું

લીલીયા, તા.૧૮

રાજય સરકાર દ્વારા કૃષિ રાહત હેઠળ પેકેજના ઠરાવના અમલીકરણ કરવા તેમજ કપાસ સિવાય નુકસાન પામેલ પાકોનો સમાવેશ કરવા બાબત લીલીયા મામલતદાર મારફત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવ્યું હતું. પ્રતાપભાઈ દુધાત તેમજ સાવરકુંડલા અને લીલીયા તાલુકાના ખેડૂતો દ્વારા મામલતદાર લીલીયા મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવ્યું હતું. આ આવેદનપત્રમાં જણાવાયું છેકે અમરેલી જિલ્લામાં વર્ષ ઓકટો-૨૦૨૪ માં ભારે વરસાદ પડેલ હતો. તેના અન્વયે ગુજરાત સરકાર કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્માંક : ADC/MSC/e-file/૨/૨૦૨૫/૦૪૨૫/K7 તા. ૦૯/૦૭/૨૦૨૫ થી બહાર પાડવામાં આવેલ છે, જેમાં અમરેલી જિલ્લાનો સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ અમરેલી જિલ્લાના ક્યા ક્યા ગામોનો સમાવેશ થયેલ છે તે સ્પષ્ટ થતું નથી તેમજ નુકસાની અંગેની ઓનલાઈન અરજી કરવા જણાવેલ છે પરંતુ આજદિન સુધીમાં સબંધિતો દ્વારા તેમનું અમલીકરણ થયેલ નથી. ત્યારે અમરેલી જિલ્લાનાં સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં કેટલું નુકસાન થયેલ છે તેમજ ક્યા ક્યા પાકોને


તસવીર : મહેશ દવે

નુકસાન થયેલ છે તે જણાઈ આવતું નથી અને માત્ર કપાસ અંગેનો ઉલ્લેખ હોય, ત્યારે ખેડૂતોના અન્ય પાકોને પણ નુકસાન થવા પામેલ છે, જેના કારણે ખેડૂતોને ઘણું આર્થિક નુકસાન થવા પામેલ છે જેને અનુલક્ષીને આ આવેદનપત્ર દ્વારા સરકારને જાણ કરી અને અમરેલી જિલ્લાનાં સાવરકુંડલા અને લીલીયા તાલુકાનાં ખેડૂતોને આ ઠરાવ મુજબ સત્વરે અમલીકરણ કરવામાં આવે અને કપાસ સિવાયનાં પાકોને સમાવેશ કરી અને તેમનું વળતર ચૂકવવામાં આવે તેવી માગણી કરી છે. ઠરાવ મુજબ અમરેલી જિલ્લાનાં તાલુકાઓમાં તેમનો સર્વે કરવામાં આવેલ હોય પરંતુ તેમાંના કેટલા ગામોનો સમાવેશ થયેલ છે તે સ્પષ્ટતા કરવામાં આવેલ નથી અને જેના કારણે ખેડૂતો દ્વારા જે તે ગ્રામ પંચાયતનાં VCE પાસે જવા છતાં આ અંગેની કોઈ કાર્યવાહી થતી નથી તો તેમની કાર્યવાહી સત્વરે કરવામાં આવે તેમજ આ ઠરાવ મુજબ અમરેલી જિલ્લાનાં તાલુકાઓમાં તેમનો સર્વે કરવામાં આવેલ હોય તેમાં સ્પષ્ટતા કરવામાં આવેલ છે. જેમાં તારીખ ૧૪/૦૭/૨૦૨૫ થી તા. ૨૮/૦૭/૨૦૨૫ સુધીમાં ઓનલાઈન અરજી કરવા જણાવેલ છે તેમ છતાં ખેડૂતો દ્વારા જે તે ગ્રામ પંચાયતનાં VCE પાસે જવા છતાં આ અરજી કરવામાં આવતી નથી તેનું અમલીકરણ કરવામાં આવે તેવી માંગણી છે. અંતમાં પ્રતાપભાઈ દુધાતે જણાવ્યું હતું કે, ઠરાવમાં માત્ર કપાસનો ઉલ્લેખ કરાયો છે પરંતુ અન્ય પાકોમાં પણ ભારે નુકસાન થયું હોવાથી તેમનું વળતર પણ ખેડૂતોને મળવું જોઈએ.

## કુંકાવાવ તાલુકાના ઈશ્વરીયા ગામે સુવિધાસભર શાળા બનશે

# રૂા.૭૮ લાખના ખર્ચે બનનાર શાળાનું ધારાસભ્ય કૌશિક વેકરીયાના હસ્તે ખાતમુહૂર્ત

અમરેલી,તા.૧૮

અમરેલી-વડીયા-કુંકાવાવના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ કુંકાવાવ તાલુકાના ઈશ્વરીયા ખાતે અંદાજિત રૂ. ૭૮ લાખના ખર્ચે તૈયાર થનાર શાળાનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે શિક્ષણ માત્ર વ્યક્તિગત કારકિર્દી માટે જ નહીં, પરંતુ માનવ કલ્યાણ અને રાષ્ટ્રહિત માટે પણ અત્યંત મહત્વનું છે. તેમણે ભવિષ્યના આધુનિક અમરેલીના નિર્માણ માટે નવા વિચારો, ઊર્જા અને આત્મવિશ્વાસ સાથે કાર્ય કરવા હાકલ કરી હતી. વધુમાં કૌશિકભાઈએ જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે કોઈ કચાશ ન રહે તે માટે સતત પ્રયત્નો થઈ રહ્યા છે.



જેના પરિણામે, અમરેલી-કુંકાવાવ અને વડીયા વિસ્તારની પ્રાથમિક શાળાઓ માટે રૂ. ૧૮ કરોડથી વધુના ખર્ચે નવા ઓરડા મંજૂર કરવામાં આવ્યા છે. ઈશ્વરીયા ખાતે નિર્માણ પામનાર શાળામાં ૭ નવા કલાસરૂમ, મધ્યાહન ભોજન રસોડું અને કમ્પાઉન્ડ વોલ બનાવવામાં આવશે. અંતમાં કૌશિકભાઈ વેકરીયાએ અધિકારીઓ અને ગ્રામજનોને કામ મજબૂત અને ગુણવત્તાયુક્ત થાય તેની ખાતરી કરવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં કુંકાવાવ તાલુકા પંચાયત પ્રમુખ પરસોતમ હીરપરા, ગોપાલભાઈ અંટાળા સહિત અનેક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ડી.એચ. કાબરીયા આર્ટ્સ મહિલા કોલેજનું B.A.(Eng.) Sem.- V માં ૯૫% ભવ્ય પરિણામ

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત ડી.એચ. કાબરીયા આર્ટ્સ મહિલા કોલેજે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ના B.A.(Eng.) સેમ.-V યુનિવર્સિટી પરિણામમાં ૯૫% ભવ્ય પરિણામ સાથે ૧00% ફર્સ્ટક્લાસ મેળવીને ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. આ પરિણામમાં રાઠોડ પ્રિયા એ. ૭૪.૬0% ગુણ સાથે



કોલેજમાં પ્રથમ સ્થાને, વઘાસીયા કૃતિ એમ. ૭૪.૩0% ગુણ સાથે દ્વિતીય સ્થાને અને જાની ખુશાલી બી. ૭૩.૩0% ગુણ સાથે તૃતીય સ્થાને રહી છે. શૈક્ષણિક સંકુલ તરફથી સ્ટાફ, વિદ્યાર્થીઓ અને રેન્કર્સને આ બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# ઠેબી ડેમની મુલાકાત લેતા પા.પુ.મંત્રી કુંવરજી બાવળીયા





અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લામાં પાણીની સુવિધાઓના સર્વાંગી વિકાસ માટે રાજ્યના પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ ઠેબી સિંચાઈ યોજનાની મંજૂરી મળ્યા બાદ આજે ઠેબી ડેમની પહેલીવાર મુલાકાત લઈ વિસ્તૃત નિરીક્ષણ કર્યું હતું. ઉચ્ચ અધિકારીઓ અને વિભાગીય ઈજનેરો સાથે ડેમના વર્તમાન જળસંગ્રહ, ડેમની સ્થિતિ તથા આગામી પાણી પુરવઠાની યોજના અંગે સમીક્ષા કરી માર્ગદર્શન આપ્યું હતું. આ તકે ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા સહિત અધિકારીઓ અને પદાધિકારીઓ હાજર રહ્યાં હતા. પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ ઠેબી ડેમની મુલાકાત બાદ સરપંચો સાથે બેઠક કરી અને ગામના પ્રશ્નો અંગે સમીક્ષા કરી હતી.

### નાના માચીયાળા ગામે ભીમનાથ મહાદેવ મંદિરે ધજા ચડાવી

પાણી-પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ, આજુબાજુના ગામના સરપંચો સહિતનાઓએ નાના માચીયાળા ગામે ભીમનાથ મહાદેવ મંદિરે ધજારોહણ કરી ગામના વિકાસ માટે પ્રાર્થના કરી હતી.

# વડીયાના બાંટવા દેવળીથી બરવાળા બાવળ ગામે જતા ફૂલકી નદી પરનો બ્રિજ જર્જરીત : વૈકલ્પિક રુટ જાહેર

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લાના કુંકાવાવ-વડીયા તાલુકામાં બાંટવા દેવળીથી બરવાળા બાવળ ગામને જોડતો ફૂલકી નદી પરનો બ્રિજ વાહનવ્યવહાર માટે અયોગ્ય જાહેર કરાયો છે. અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજે ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળ આ બ્રિજ પરથી વાહન અવરજવર પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું બહાર પાડ્યું છે. ભારે વાહનો માટે બાંટવા દેવળી - વડીયા - બરવાળા બાવળ રોડ અને હળવા વાહનો માટે પુલની બાજુમાં ગામમાંથી પસાર થતા રસ્તાનો ઉપયોગ કરી શકાશે. આ નિર્ણય વાહનચાલકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવ્યો છે.

# અમરેલીના યુવા નેતા મનીષ સંઘાણી બિહારના ઝાંઝરપુર ખાતે 'યુથ કો-ઓપરેટિવ' વિષય પર યુવાઓને સંબોધશે

અમરેલી,તા.૧૮

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના આહ્‌વાન બાદ ભારતમાં સૌપ્રથમ અમરેલી જિલ્લામાં યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ પ્રથમ કોલેજ કેમ્પસ કો-ઓપરેટિવ મંડળીનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. આ અમરેલીમાં નોંધાયેલ કેમ્પસ કો-ઓપરેટિવ સમગ્ર દેશ અને દુનિયામાં રોલ મોડલ બનવા જઈ રહી છે. ત્યારે બિહારના ઝાંઝરપુર શહેર ખાતે યુવાનો માટે આયોજિત કાર્યક્રમમાં અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા મનીષ સંઘાણી મુખ્ય



વક્તા તરીકે ઉપસ્થિત રહી 'યુથ કો-ઓપરેટિવ' વિષય પર યુવાઓને સંબોધિત કરશે. તેઓ બિહાર રાજ્યમાં યુવાઓને સહકારી ક્ષેત્રમાં જોડાવા માટે પ્રેરણા આપશે અને અમરેલીની યુથ કો-ઓપરેટિવને રોલ મોડલ બનાવી બિહારમાં પણ કોલેજ યુથ કો-ઓપરેટિવ સોસાયટી બનાવવામાં આવશે.

# રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીનું સન્માન કરાયું

અમરેલી,તા.૧૮

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા લાઠી તાલુકામાં બદલી પામેલા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી જાદવનું સન્માન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા શિક્ષકોના અનિયમીત પગાર



તેમજ બીએલઓના પ્રશ્નો અંગે રજૂઆત કરી યોગ્ય કાર્યવાહી કરવા માટે માંગણી કરી હતી. આ તકે, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ લાઠી તાલુકાના અધ્યક્ષ અલ્પેશભાઈ કાકડીયા, મહામંત્રી પિયુષભાઈ વિરડીયા, મહેશભાઈ ચૌહાણ તેમજ સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.







# મોટા ઝીંઝુડાના કથાકાર સામે સા.કુંડલાના બ્રહ્મસમાજ પ્રમુખે ફરિયાદ નોંધાવી

સાવરકુંડલા તા ૧૮

સાવરકુંડલા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ મુકેશકુમાર ભાનુશંકર ત્રિવેદીએ મોટા ઝીંઝુડાના કથાકાર રાજુગીરી કાશીગીરી ગોસ્વામી સામે સાવરકુંડલા ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું છે કે રાજુગીરી શિવકથાકાર છે અને જુદી જુદી જગ્યાએ કથાઓ કરેલ છે. વખતોવખત જુદા જુદા સમાજ અને જુદી જુદી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત અને જ્ઞાતિની પ્રતિષ્ઠા ખરડાય તેવા ઈરાદાથી ચોક્કસ જ્ઞાતિને ટાર્ગેટ બનાવી ધર્મની આડમાં ધાર્મિક માન્યતાઓનું અપમાન કરી ધાર્મિક લાગણીઓને આઘાત પહોંચાડતું ઉચ્ચારણ કરે છે. કથાકાર રાજુગીરીએ કચ્છમાં તેની કથામાં સમસ્ત બ્રહ્મસમાજને આઘાત પહોંચાડવાના બદઈરાદાથી બ્રાહ્મણો ધાર્મિક વિધિના નામે ઊંધા ચશ્મા પહેરાવે છે અને ખોટી વિધિઓ કરાવે છે એવું અન્ય સમાજને સારો દેખાડવા માટે જાહેરમાં નિવેદન કરેલ છે. જોકે બ્રાહ્મણો હંમેશા ધર્મની રક્ષા કરનારો વર્ગ છે. સનાતન ધર્મને ટકાવી રાખવાનું કામ કરે છે. કથાકાર રાજુગીરી વિરુદ્ધ પોતાના આશ્રમમાં કોઈની દીકરીને ગોંધી રાખવાની અને તેનું શોષણ કરવાની પણ ફરિયાદ નોંધાયેલી છે. શિવકથાકાર રાજુગીરીએ સમસ્ત બ્રહ્મસમાજની લાગણીઓને દુભાવવાનું કામ કરેલ હોવાથી તાત્કાલિક તેમની સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવે તેવી ફરિયાદ સાવરકુંડલા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ દ્વારા કરવામાં આવી છે.

## ગુજરાતના શહેરો અને જિલ્લાઓમાં કુલ રૂ.૭,૭૬,૧૯૯નું સાયબર ફ્રોડ કર્યું હતું

# રાજુલા પોલીસે વિવિધ જિલ્લાઓમાં સાયબર ફ્રોડ કરનારા આરોપીઓને રાજસ્થાનથી પકડ્યા

રાજુલા,તા.૧૮

એક પશુ ચિકિત્સકે આજથી આશરે એક વર્ષ પહેલા તા.૨૩/૧૦/૨૦૨૪ ના રોજ ઈન્સ્ટાગ્રામમાં @ mahalaxmi_fashion નામના એકાઉન્ટ પરથી ઓનલાઈન ચણીયાચોળી તથા અન્ય કપડાઓના વેચાણની જાહેરાત જોઈ હતી. જેમાં ઓર્ડર બુક કરાવતા આરોપીઓ દ્વારા પેમેન્ટ માટે કયુ.આર. કોડ આપેલ અને ફરિયાદીએ પેમેન્ટ કરી ઓર્ડર બુક કરાવેલ. બાદમાં આરોપીઓએ જણાવેલ કે તમારુ પેમેન્ટ ડીસ્પ્લે થયેલ નથી જેથી તમારે ફરીથી પેમેન્ટ કરવું પડશે અને આ રકમ તમને પરત મળી જશે. બાદમાં ફરિયાદીએ ફરીથી પેમેન્ટ કરેલ અને આરોપીઓએ જણાવેલ કે હજુ સુધી તમારૂ પેમેન્ટ ડીસ્પ્લે થયેલ નથી જેથી તમો ફરીથી ડબલ પેમેન્ટ કરો તમારૂ બધું પેમેન્ટ પરત મળી જશે એમ કહી અલગ અલગ ટ્રાન્જેકશન કરાવી ફરિયાદી પાસેથી કુલ રૂ.૯૯,૦૫૦/- ની રકમ પડાવી લઈ સાયબર ફ્રોડનો ગુનો આચરેલ હતો. આથી ફરિયાદીને પોતાની સાથે સાયબર ફ્રોડ થયાની જાણ થતા તેમણે સાયબર ફ્રોડ હેલ્પલાઈન ૧૯૩૦ ઉપર તુરંત ફોન કરી



ફરિયાદ કરેલ. પછી તેનો ગુનો રાજુલા પોલીસ સ્ટેશનમાં નોંધ્યો હતો. ટેકનીકલ એનાલીસીસ આધારે આરોપીઓના મૂળ નામ સરનામા અને મોબાઈલ નંબર મેળવેલ. આ તમામ મુદ્દાઓના આધારે આરોપીની ચોક્કસ ઓળખ થયેલ અને રાજસ્થાનના જયપુર ખાતેથી (૧) સન્ની રાજુભાઈ સૈન ઉ.વ.૨૦ (ધંધો. હેરકટીંગ રહે.જયપુર,ગોનેર રોડ) અને (૨) રવિન્દ્રસિંઘ જોગેન્દ્રસિંઘ ઉ.વ.૨૫ ધંધો.પ્રા.નોકરી(બેંકમાં) રહે. જયપુર,આગ્રા રોડ)ને પકડવામાં ટીમને સફળતા મળેલ છે. આ ઉપરાંત જે આરોપીઓને પકડવાના બાકી છે તેમાં પ્રિતમ બૈરવા (રહે.જયપુર,લુનીયાવાસ રોડ,રાજસ્થાન મૂળ. હરીયાણા), (૨) મોનુ સાખંલા (રહે.જયપુર,લુનીયાવાસ રોડ,રાજસ્થાન) (૩) MAHADEVBOOK.COM તથા REDDYANNA નામની ગેમીંગ વેબ સાઈટના ધારકોનો સમાવેશ થાય છે. આ આરોપીઓએ દોઢેક વર્ષમાં ગુજરાતના અલગ અલગ જિલ્લા તથા શહેરોમાં કુલ રૂ.૭,૭૬,૧૯૯નું સાયબર ફ્રોડ કરેલની વિગત મળેલ. આ ઉપરાંત ઘણા અન્ય લોકો સાથે ફ્રોડ કરેલ. ગુજરાત ઉપરાંત અન્ય રાજયના લોકો સાથે પણ સાયબર ફ્રોડ આચરેલ. આ આરોપીઓને શોધવામાં રાજુલા પોલીસ સ્ટેશનની ટીમને સફળતા મળેલ છે.

# ભાવનગરના ગારિયાધારમાં પતિએ પત્નીને જાનથી મારવાની ધમકી આપી

**પરિણીતાએ અમરેલી આવીને પોલીસ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા.૧૮

ભાવનગરના ગારિયાધારમાં એક પતિએ તેની પત્નીને ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. અમરેલી આવ્યા બાદ મહિલાએ પતિ સામે ફરિયાદ નોંધાવી હતી. શીતલબેન ગોરખભાઈ કામળીયા (ઉ.વ.૩૨)એ પતિ ગોરખભાઈ વાસુરભાઈ કામળીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના લગ્ન બાદ પતિ કામકાજ તથા કરિયાવાર બાબતે અવારનવાર મેણાટોણા મારતા હતા. ઉપરાંત ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.કે. સોળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતના કાર્યાલય ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

**પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાતે કાર્યકરો સાથે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી; આગામી રણનીતિ ઘડાઈ**

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તેમજ લીલીયા-સાવરકુંડલાના પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાતના કાર્યાલય ખાતે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ બેઠકમાં પ્રતાપભાઈ દુધાતે ઉપસ્થિત રહીને કોંગ્રેસ પક્ષના કાર્યકરો સાથે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. આ પ્રસંગે મહેશભાઈ જયાણી, હિતેશ સરૈયા, હસુભાઈ બગડા, હિતેશ જયાણી, વિપુલ ઉનાવા, પરીક્ષિત શિયાળ, સોહિલ શેખ સહિતના અન્ય કોંગ્રેસ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં પક્ષની આગામી રણનીતિ, સ્થાનિક મુદ્દાઓ અને જનહિતના કાર્યોને લગતી ચર્ચાઓ કરવામાં આવી હતી. આ બેઠક દ્વારા કોંગ્રેસ પક્ષના કાર્યકરોમાં એકતા અને ઉત્સાહનો સંચાર થયો હતો, અને આગામી સમયમાં જનતાના હિત માટે સતત કાર્યરત રહેવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો.

# અમરેલી જિલ્લામાં વર્ષમાં બે વખત શાળાના બાળકોની આરોગ્ય તપાસણી

અમરેલી તા.૧૮

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત અમરેલી જિલ્લામાં વર્ષમાં બે વખત શાળાના બાળકોની આરોગ્ય તપાસણી કરવામાં આવે છે જેમાં બાળકોની ૪-ડી ની તપાસ કરવામાં આવે છે અને ૪-ડી દરમિયાન કોઈ બાળકને કોઈ બીમારી જણાય તો તેની આગળની સારવાર માટે હાયર સેન્ટર ઉપર મોકલવાની કાર્યવાહી કરવામાં આવે છે. અમરેલી જિલ્લામાં આંગણવાડીમાં જતા ૦ થી ૬ વર્ષ સુધીના કુલ ૯૬,૯૮૫ બાળકો અને શાળાએ જતા ૬ થી ૧૮ વર્ષના કુલ ૨,૦૯,૬૧૦ બાળકો છે. આ સ્ક્રીનિંગ ડ્રાઈવ અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કુલ ૧૧ ટીમ બનાવવામાં આવી છે.

આ ટીમ દરેક તાલુકામાં જઈ આરોગ્ય તપાસણીની કામગીરીનું મૂલ્યાંકન કરી રહી છે.

# રાજ્યના પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ બાબરા શહેરમાં પાણી અંગે સમીક્ષા કરી

**દરેક ગામમાં પીવાનું શુદ્ધ પાણી મળે તે માટે અધિકારીઓને તાકીદ કરી**

બાબરા તા ૧૮

રાજ્યના પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા અમરેલી જિલ્લાની મુલાકાતે આવ્યા હતા. અમરેલી ઠેબી ડેમની મુલાકાત લીધા બાદ પાણી પુરવઠા મંત્રી બાબરા ખાતે પહોંચ્યા હતા જયાં તેમણે



તસવીર : વિજય માળી

બાબરા તાલુકાના તળાવો અને ડેમોની સમીક્ષા કરી હતી. તાલુકાના અધિકારીઓને સાથે રાખી દરેક ગામના લોકોને પીવાનું શુદ્ધ પાણી મળે તે માટે તાકીદ કરી હતી અને તે અંગેના જે અધુરા કામો છે તેને તાત્કાલિક પૂર્ણ કરવા પાણી પુરવઠા મંત્રીએ અધિકારીઓને સૂચના આપી હતી.

# સાવરકુંડલાના ગાધકડા ખાતે ડીડીઓની હાજરીમાં વૃક્ષારોપણ

સાવરકુંડલા,તા.૧૮

સાવરકુંડલા તાલુકાના ગાધકડા સુન્ની મુસ્લિમ કબ્રસ્તાન ખાતે ડી.ડી.ઓ. પરીમલ પંડ્યા તેમજ તાલુકા વિકાસ અધિકારી વાઘાણીના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં



ગામના નવનિયુક્ત સરપંચ પ્રતિનિધિ જયંતિભાઈ મનુભાઈ કલાણીયા, તલાટી મંત્રી નીલેશભાઈ ડાભી તથા અજીતભાઈ જેબલીયા તથા ગાધકડા સુન્ની મુસ્લિમ સમાજના સભ્યો સહિત આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાધેશ્યામ હોટલથી જેસીંગપરા સુધીના બની રહેલા રોડને લઈ રહીશોનો ચક્કાજામ

અમરેલી,તા.૧૮

અમરેલીના જેસીંગપરા ખાતે નવા બની રહેલા બગસરા રોડના કામની ધીમી ગતિથી કંટાળીને સ્થાનિક લોકોએ ચક્કાજામ કર્યો હતો. છેલ્લા નવેક મહિનાથી ગોકળગાયની ગતિએ ચાલતા આ કામને કારણે ટ્રાફિક અને અકસ્માતની સમસ્યા વધી છે. અણઘડ ખોદકામ અને પાણીની લાઈનો તૂટવાથી રહીશો ભારે પરેશાન છે. લોકોના રોષને પગલે તંત્ર દોડતું થયું અને સમજાવટ



બાદ રસ્તો ફરી ખોલવામાં આવ્યો. અમરેલી શહેરમાં ચાલતા આવા અણઘડ કામોથી લોકો રસ્તા પર ઉતરવા મજબૂર બન્યા હતા. અત્રે નોંધનીય છે કે રાધેશ્યામ હોટલથી જેસીંગપરાના પુલ સુધી સીસીરોડનું કામ ચાલી રહ્યું છે ત્યારે એકબાજુનો રસ્તો પુરો કર્યો નથી ત્યાં બીજી બાજુનો રસ્તો ખોદવામાં આવી રહ્યો છે. આમ, સ્થાનિકોનો રોષ જોતા તંત્રને પણ રેલો આવ્યો હતો.

# રાજુલાના જોલાપરી નદી પરનો બ્રિજ જોખમી હોવાથી કલેકટરનું જાહેરનામુ

**જયાં સુધી નવો બ્રિજ ન બને ત્યાં સુધી જાહેરનામુ અમલમાં રહેશે**

અમરેલી,તા.૧૮

રાજુલાના બાબરિયાધાર-અમુલી-અખેગઢ રોડ, જોલાપરી નદી પર આવેલ મેજર બ્રિજનો છઠ્ઠા સ્પાનનો સ્લેબ જર્જરિત હોવાથી તેના પરથી પસાર થતાં તમામ પ્રકારના વાહનો માટે વૈકલ્પિક રુટ અનુસરવા માટે સૂચના આપવામાં આવી છે. અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટે જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે. જાહેર થયેલા વૈકલ્પિક રુટ મુજબ વૈકલ્પિક રુટ-૦૧ પરથી તમામ પ્રકારના વાહનોએ બાબરિયાધાર-મોટી ખેરાળી-છાપરી-ડોળીયા-માંડળ-મસુંદડા-અમુલી રોડ પરથી પસાર થવું. વૈકલ્પિક રુટ-૦૨ મુજબ તમામ પ્રકારના વાહનોએ બાબરિયાધાર-નવાગામ (મેરીયાણા)-દાધીયા-હાડીડા-આસરાણા-અખેગઢ-અમુલી રોડ પરથી પસાર થવું. જાહેરનામુ, તા.૦૮ જુલાઈ, ૨૦૨૫ થી નવો બ્રિજ ન બને ત્યાં સુધી અમલી રહેશે.

# અમરેલી જિલ્લામાં વસવાટ કરતા પૂર્વ સૈનિકો માટે રોજગાર મેળો

અમરેલી,તા.૧૮

રાજકોટ, મોરબી અને અમરેલી જિલ્લામાં વસવાટ કરતા પૂર્વ સૈનિકોને રોજગારના અવસર મળે તે માટે ડાયરેક્ટોરેટ જનરલ રિસેટલમેન્ટ, નવી દિલ્હી દ્વારા રોજગાર ભરતી મેળાનું આયોજન છે. આગામી તા.૨૫ને શુક્રવારના રોજ સવારે ૭ વાગ્યે અમદાવાદ કેન્ટોનમેન્ટ છાવણી ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે. ભરતી મેળામાં ભાગ લેવા માટે પૂર્વ સૈનિકોએ પૂર્વ સૈનિક તરીકેનું પોતાનું ઓળખપત્ર, પીપીઓ, ડિસ્ચાર્જ બુક, બાયોડેટા, ફોટોગ્રાફ સાથે રાખવા.

વધુ વિગતો માટે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, C/o માજી સૈનિક આરામ ગૃહ, પોલિસ હેડક્વાર્ટસની સામે, રુડા કચેરી પાસે, રાજકોટ, પિન નં. ૩૬૦૦૦૧ ફોન નં.(૦૨૮૧) ૨૪૭૬૮૨૫ અને E-mail: zsb_rjt@rediffmail.com પર સંપર્ક કરવો તેમ રાજકોટ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.




શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 109
ધો. ૧૨ પુરક પરિક્ષા પાસને કોલેજ FY
BA-B.Com-B.Sc.-BBA-BCA – પ્રવેશ મળશે
★ સંકુલ B.Sc. - M.Sc. – માઈક્રોબાયોલોજી – બાયોટેક્નોલોજી પ્રવેશ ચાલુ
★ સંકુલ B.Com.-M.Com. ગુજરાતી & ઈંગ્લીશ મિડીયમ પ્રવેશ ચાલુ
★ સંકુલ BA - MA મનોવિજ્ઞાન – સમાજશાસ્ત્ર – ઈંગ્લીશ પ્રવેશ ચાલુ
★ સંકુલ BBA - BCA - MBA - MCA - SU-GTU પ્રવેશ ચાલુ
★ સંકુલ B.Pharm.- M.Pharm- B.Ed. - PG DMLT પ્રવેશ ચાલુ

CHANGE OF NAME
I here by Declare Murtuja Asgarali sham that I have changed my name from Murtujaali Asgarali sham to Murtuja Asgarali sham (new) and henceforth I shall be known as Murtuja Asgarali sham (NEW)
Sing. Murtuja Asgarali
Address - Shivaji chowk vanzavad, Bagasara Amreli gujarat 365440

# સાવરકુંડલા શહેરમાં કે.ટી. પારેખ હાઈસ્કૂલમાં વાલી સંમેલન યોજાયું

સાવરકુંડલા,તા.૧૮

સાવરકુંડલા તાલુકાના જુના સાવર મુકામે શ્રીમતી કે.ટી. પારેખ હાઈસ્કૂલ ખાતે ધોરણ ૯ અને ૧૦ માં અભ્યાસ કરતા સંતાનોના વાલીઓનું સંમેલન તા.૧૭-૭-૨૫ના રોજ પ્રાર્થના હોલમાં યોજાયું હતું. આ વાલી સંમેલનનો હેતુ ધોરણ ૧૦ના બોર્ડના વિદ્યાર્થીઓ ઉચ્ચ પરિણામ પ્રાપ્ત કરે તેવો હતો. શાળાના શિક્ષક ચેતનભાઈ ત્રિવેદીએ સહુનું સ્વાગત કર્યું હતું. શિક્ષિકા મિતલબેને બાળકોને નિયમિતતા



અને સ્વચ્છતા અંગે માહિતી આપી. વિજ્ઞાન શિક્ષક વિનોદરાય વાળાએ ધોરણ ૧૦ની પરીક્ષા પદ્ધતિ વિશે વાલીઓને વાકેફ કર્યા હતા. વિદ્યાર્થી પાસિંગ ગુણ ૩૩ કેટલી સરળતાથી લાવી શકે તેની સમજૂતી આપી હતી. શાળાના આચાર્ય આશિષકુમાર એમ. જોશીએ વાલીઓની ફરજ અને તેમની જવાબદારી વિશે સવિશેષ ચર્ચા કરી. કાર્યક્રમના અંતે વાલીઓએ પણ પોતાના અભિપ્રાયો અને આનંદ વ્યક્ત કર્યો હતો.

# અમરેલીમાં નિયમનો ભંગ કરી તમાકુનું વેચાણ કરનારાઓ સામે કાર્યવાહી



અમરેલી,તા.૧૮

જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ - આરોગ્ય શાખા, પોલીસ વિભાગ, પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણ વિભાગ, એસ.ટી. વિભાગ અને ખોરાક અને ઔષધ નિયમન તંત્રની સંયુક્ત ટીમ દ્વારા તમાકુનું વેચાણ કરતા લારી, ગલ્લા, દુકાનો પર કાર્યવાહી કરવામાં આવી હતી. “૧૮ વર્ષથી નાની ઉંમરનાંને તમાકુનું વેચાણ કરવું દંડનીય અપરાધ છે” તેવું સૂચક બોર્ડ મૂકવામાં ન આવ્યું હોય તો તેવી શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુની બનાવટોના વેચાણકર્તા, જાહેર સ્થળોએ તમાકુની બનાવટોનું સેવન કરનાર, ઈ-સિગારેટનું વેચાણ-સંગ્રહ-ઉપયોગ કરનાર, તમાકુની બનાવટોની પ્રત્યક્ષ કે પરોક્ષ જાહેરાત આપનાર, નિર્દિષ્ટ આરોગ્ય વિષેયક ચિત્રાત્મક ચેતવણી વિના તમાકુની બનાવટોનું વેચાણ વગેરે અન્વયે તપાસ કરવામાં આવી હતી. આ અંતર્ગત શહેરમાં સંકુલ રોડ, નાગનાથ બસ સ્ટેન્ડ, મોટા બસ સ્ટેન્ડ, લાઠી રોડ, કોલેજ સર્કલ, બાયપાસ વિસ્તારમાં ૧૭ કેસ નોંધવામાં આવ્યા હતા, રુ.૩,૧૦૦ દંડની વસૂલાત કરવામાં આવી હતી.

# અમરેલી તાલુકામાં માર્ગ રિપેરીંગની કામગીરી પૂરજોશમાં ચાલુ



અમરેલી,તા.૧૮

અમરેલીના વરુડી - નાના આંકડિયા અને પ્રતાપપરા એપ્રોચ રોડની ડામર પેવર પટ્ટા દ્વારા સમારકામની કામગીરી અમરેલી માર્ગ અને મકાન પંચાયત તંત્ર દ્વારા પૂર્ણ કરવામાં આવી છે. અમરેલી જિલ્લાના માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ હેઠળના આશરે ૧ કિ.મી.નો વરુડી - નાના આંકડિયા તથા ૧.૫ કિ.મી.નો પ્રતાપપરા એપ્રોચ રોડને MSS એટલે કે મિક્સ સીલ સરફેસ મટીરિયલ દ્વારા પેવર પટ્ટા કરવામાં આવ્યા છે.

પેવર મશીન દ્વારા રોડની સપાટીને સમથળ કરવા માટે ૨૦ એમએમ જેટલી જાડાઈ ધરાવતું એમએસએસ મટીરિયલ પાથરવામાં આવ્યું હતું. ત્યારબાદ રોલરના ઉપયોગથી રસ્તાની સપાટીને મજબૂત કરવામાં આવી હતી. ઉપરાંત રસ્તાની જૂની સપાટી સાથે નવા મટીરિયલનું જોડાણ થઈ શકે તે માટે સસ્તા પર ટેકકોટનો પણ છંટકાવ કરવામાં આવ્યો હતો. અમરેલી માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ હેઠળના ૩ મેજર અને ૮ માઈનોર બ્રિજની ચકાસણીની પણ કામગીરી પૂર્ણ કરમાં આવી છે. વરસાદથી ખવાણ થયેલા કેરિયાચાડ બ્રિજની મરામત કામગીરી કરવામાં આવી રહી છે જે પણ ટૂંક સમયમાં પૂર્ણ કરી દેવામાં આવશે.

# લુવારીયા ગામથી આસોદર ગામ વચ્ચે બે બાઈકની ટક્કરમાં એકનું મોત

લાઠી, તા.૧૮

અમરેલી જિલ્લામાં જીવલેણ અકસ્માતનો સિલસિલો યથાવત રહેવા પામ્યો હતો. લુવારીયા ગામથી આસોદર ગામ વચ્ચે બે બાઈકની ટક્કરમાં એકનું મોત થયું હતું. લાઠીના ઈંગોરાળા ગામે રહેતા રાજુભાઈ હુસેનભાઈ શેખ (ઉ.વ.૩૫)એ એમપી-૬૯-ઝેડસી-૩૨૭૨ના મોટરસાયકલ ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના કાકા મરણજનાર અનવરભાઈ ફતેભાઈ શેખ (ઉ.વ.૫૫, રહે.ઈંગોરાળા) પોતાનું મો.સા નં.GJ-૧૪ AB-૩૯૮૧ લઈ અમરેલીથી ઈંગોરાળા ગામ આવતા હતા ત્યારે લુવારીયા ગામથી આસોદર ગામ વચ્ચે પહોંચતા સામેથી હિરો મોટરસાઈકલ રજી.નં.MP-૬૯-ZC-૩૨૭૨ ના ચાલકે આવી ટક્કર મારી હતી. જેમાં તેમના કાકાને ઈજા થવાથી મોત નિપજ્યું હતું.

# અમરેલીના ગ્રામ્ય વિસ્તારને પ્લાસ્ટિકમુક્ત બનાવવા કંપની સાથે કરાર



અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ હેઠળ સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવા અને પ્લાસ્ટિકના યોગ્ય નિકાલ માટે પહેલ કરવામાં આવી છે. આ માટે ગ્રામ્ય કક્ષાએ ૧૩૦ સેગ્રીગેશન શેડ બનાવવામાં આવ્યા છે.આ શેડ્સ પર પ્લાસ્ટિક કચરાના વિભાજન (સેગ્રીગેશન)ની કામગીરીમાં મિશન મંગલમ યોજના હેઠળના સ્વસહાય જૂથોની સખી મંડળની બહેનોને જોડવામાં આવી છે. આ બહેનો કાચ અને મેટલ સિવાયનો તમામ કચરો રાજુલા અને જાફરાબાદ સ્થિત અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીને વેચશે. આ માટે કંપની સાથે MoU કરવામાં આવ્યો છે, જેનાથી બહેનોને આર્થિક વળતર મળશે.વધુમાં, નિર્મળ ગુજરાત ૨.૦ હેઠળ નગરપાલિકા વિસ્તારની ૧૦ કિલોમીટર ત્રિજ્યામાં આવતા ૧૭૪ ગામોમાંથી ડોર-ટુ-ડોર કચરો એકત્રિત કરીને ૯ નગરપાલિકાની ડમ્પિંગ સાઈટ્સ પર ઠાલવવામાં આવે છે. અહીં પણ સખી મંડળની બહેનો દ્વારા પ્લાસ્ટિક અને અન્ય કચરો એકઠો કરીને સિમેન્ટ કંપનીને વેચવાનો સમાવેશ MoU માં કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં, સખી મંડળની બહેનો દ્વારા કુલ ૩૫૧૪ કિલોગ્રામ પ્લાસ્ટિક એકત્રિત કરીને જિલ્લામાં પ્લાસ્ટિક મુક્તિનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

# ‘તારે અહીં નહાવા આવવું નહીં’ કહી યુવકને ઢીકાપાટુ માર્યા

ધારી, તા.૧૮

ધારી તાલુકાના ખીસરી ગામે રહેતા એક યુવકને "તારે અહીં નહવા આવવું નહીં" કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે રાહુલભાઈ દીલુભાઈ ચારોલીયા (ઉ.વ.૧૯)એ રાહુલભાઈ વલકુભાઈ ચારોલીયા તથા વલકુભાઈ ઘુસાભાઈ ચારોલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ ખીસરી ગામે તેમના ઘર પાસે આવેલા ગ્રામ પંચાયતના ટાંકા નીચે નહાતા હતા ત્યારે આરોપીએ "તારે અહીં નહાવા માટે આવવું નહીં" તેમ કહી ગાળો આપી મુંઢમાર માર્યો હતો. તેમજ તેના દાદા ધીરૂભાઈને લોખંડની પાઈપના બે ઘા ડાબા હાથે કોણી પાસે માર્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઉપરાંત તેમના દાદાને પણ જેમ ફાવે તેમ ગાળો આપી હતી અને ભાઈ-ભાભીને પણ મુંઢ ઈજા પહોંચાડી હતી.

**સાત વર્ષ પહેલાં પ્રેમલગ્ન કર્યા હતા**

# બગસરાના જુની હળીયાદ ગામે પતિએ પત્નીને જાનથી મારવાની ધમકી આપી

**આડેધડ મુંઢમાર પણ માર્યો**

બગસરા, તા.૧૮

બગસરાના જુની હળીયાદ ગામે એક યુવતીએ સાત વર્ષ પહેલા પ્રેમલગ્ન કર્યા હતા. લગ્નના થોડા સમય સુધી બધું બરાબર ચાલ્યું હતું. જે બાદ ઝઘડા થવા લાગ્યા હતા. પતિએ પત્નીને મુંઢમાર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે મંજુલાબેન ઉર્ફે મિતલબેન બીપીનભાઈ રફાળીયા (ઉ.વ.૨૭) એ પતિ બીપીનભાઈ ભનુભાઈ રફાળીયા તથા જેઠ ઘનશ્યામભાઈ ભનુભાઈ રફાળીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે આશરે સાતેક વર્ષ પહેલા પ્રેમલગ્ન કર્યા હતા. છેલ્લા અઢી વર્ષથી પતિ તેને શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપતા હતા. ઉપરાંત અવાર-નવાર જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરતા હતા. તેમજ બે દિવસ પહેલા શરીરે મુંઢમાર માર્યો હતો. ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક એન.બી. ગોરડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

**અમરેલી જિલ્લામાં અપમૃત્યુના વધુ ચાર બનાવ નોંધાયા**

# ખાંભાના ભાડ ગામે યુવતીએ ૨૭ લાખનું દેણું થતાં ઝેરી ટિકડા પીતા મોત

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાં પોલીસ ચોપડે અપમૃત્યુના વધુ ચાર બનાવ નોંધાયા હતા. ખાંભાના ભાડ ગામે એક યુવતીને ધંધામાં ૨૭ લાખનું દેણું થતાં સ્યુસાઈડ નોટ લખીને અનાજમાં નાખવાના ઝેરી ટિકડા પીધા હતા. મનીષાબેન હરેશભાઈ સોરઠીયા (ઉ.વ.૫૧)એ જાહેર કર્યા મુજબ, ભૂમિકાબેન હરેશભાઈ સોરઠીયા (ઉ.વ.૨૫)એ કોઈ ધંધા માટે રૂ. ૨૭ લાખનું રોકાણ કર્યું હતું. જેમાં નુકસાની થતાં ૨૭ લાખનું દેણું થઈ ગયું હતું. જેથી સ્યુસાઈડ નોટ લખીને અનાજમાં નાખવાના ઝેરી ટિકડા પી લીધા હતા.જયાં તેમનું સારવાર દરમિયાન મોત થયુ હતુ.

બીજા બનાવમાં વડીયાના રાંદલના દડવા ગામે રહેતા મોહનભાઈ લાખાભાઈ મકવાણા (ઉ.વ.૫૪)એ જાહેર કર્યા મુજબ, હિરેનભાઈ મોહનભાઈ મકવાણા તેની માતાને ઘરે પાછા લાવવા માંગતો નહોતો. જેથી આ વાતનું મનમાં લાગી આવતાં બીમમાં રહેલા હુક સાથે ઈલેક્ટ્રિક વાયર બાંધી ગળાફાંસો ખાઈ લેતાં મરણ પામ્યો હતો.

ત્રીજા બનાવમાં હાલ રાજુલામાં રહેતા મૂળ મધ્ય પ્રદેશના જિબરેલ ગુલમહમદ અંસારી (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ, સાહિદરજા જિબરેલ અંસારી (ઉ.વ.૧૮) પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યો હતો.

ચોથા બનાવમાં મધ્યપ્રદેશના મદનભાઈ નસરુભાઈ ભીલ (ઉ.વ.૪૫) એ જાહેર કર્યા મુજબ, ધનસીંગ મદનભાઈ ભીલ (ઉ.વ.૪૦) લોખંડના ડેલા ઉપર ચડ-ઉતર કરતા હતા. હાથમાંથી ઝાંપાનો પાઈપ મુકાઈ જતા નીચે ભોયતળીયા ઉપર પડતા માથા, કપાળના વચ્ચેના ભાગે ગંભીર ઈજા થતા સારવાર દરમ્યાન મરણ પામ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: નોમ
તા. ૧૯-૦૭-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૫:૩૪, સૂર્યાસ્ત-૦૭:૧૭, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: ભરણી

## દૈનિક રાશિફળ

તા. ૧૯-૦૭-૨૦૨૫ શનિવાર

મેષ: જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે.

વૃષભ: આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે.

મિથુન: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો.

કર્ક: અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. પારિવારિક સંપત્તિ વધશે અને વિરોધી પરાજિત થશે.

સિંહ: કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે.

કન્યા: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે.

તુલા: ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે.

ધન: વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઇચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે.

મકર: લવમેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોક્ટરો પાસે તપાસ કરાવો. વિવાહિત જીવન સુખી રહેશે.

કુંભ: ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે.

મીન: તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે.

**અમરેલી શહેરમાં બનાવ બન્યો**

# ‘બહુ લેકચર આપમાં, મારી ઓફિસમાંથી બહાર નીકળ’ કહી ગુપ્ત ભાગે પાટા માર્યા

અમરેલી. તા.૧૮

અમરેલી એસટી ડેપોમાં એક યુવકને "બહુ લેકચર આપમાં, મારી ઓફિસમાંથી બહાર નીકળ" કહી ગુપ્ત ભાગે પાટા મારવામાં આવ્યા હતા. તેમજ "એસ ટી ડેપોમાં નજરે ન ચડતો, નહીંતર જાનથી મારી નાખીશ" તેવી ધમકી આપી હતી. બનાવ અંગે અનીલભાઈ ભીખાભાઈ વાળા (ઉ.વ.૪૦)એ વનરાજભાઈ ગોહિલ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ અમરેલી એસ.ટી. ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. આરોપી અમરેલી એસ.ટી. ડેપોમાં સરકારી કર્મચારી તરીકે નોકરી કરતા હતા અને એસ.ટી કર્મચારીઓનું ડયુટી લિસ્ટ બનાવતા હતા. તા.૧૭/૦૭/૨૫ના ડયુટી લિસ્ટમાં તેમને નોકરી નહિ આપી હાથ પર રાખ્યા હતા અને કરાર આધારીત ડ્રાઈવરોને નોકરી આપી હતી. જે બાબતેની રજૂઆત કરવા જતા આરોપીએ તેમને કહેલ કે “બહુ લેકચર આપમાં, મારી ઓફિસમાંથી બહાર નીકળ” તેમ કહિ ગાળો આપવા લાગ્યા હતા. જેથી તેમણે ગાળો આપવાની ના પાડતા ગુપ્ત ભાગે ત્રણ ચાર પાટા માર્યા હતા. તેમજ મુંઢમાર મારીને એસ.ટી. ડેપોમાં નજરે ન ચડતો નહિતર જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક એન.બી. ગોરડિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગરમાં સ્વામિનારાયણ ગુરુકુળ પરિસરમાં કાનૂની શિબિર યોજાઈ



દામનગર, તા.૧૮

દામનગર સ્વામિનારાયણ ગુરુકુળ પરિસરમાં કાનૂની શિબિર યોજાઈ હતી. લાઠી તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા આ કાનૂની શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં એડવોકેટ ઈતેશકુમાર મહેતાએ રાઈટ ઓફ એજ્યુકેશન વિષય અંતર્ગત બાળકોને મળેલા અધિકારો વિશે માહિતી આપી હતી. આ ઉપરાંત બાળકોના હક્ક અને અધિકારોની સરળ ભાષામાં બાળકોને સમજૂતી આપી હતી.

# સાવરકુંડલાની એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં વેશભૂષા કાર્યક્રમ યોજાયો



અમરેલી તા ૧૮

સાવરકુંડલામાં આવેલી એસ.વી. દોશી હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થિનીઓ દ્વારા વેશભૂષા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ વિવિધ પ્રાંતોની વેશભૂષા પ્રસ્તુત કરી હતી જેમાં ગુજરાતી કચ્છી, મરાઠી, ઉડિયા, આસામી, બંગાળી, કાશ્મીરી, રાજસ્થાની, તમિલ, પંજાબી જેવા અનેક પ્રદેશોની વેશભૂષા સાથે વિદ્યાર્થિનીઓએ ખૂબ સુંદર પ્રસ્તુતિ કરી હતી. શાળાની વિદ્યાર્થિનીઓએ સ્ટેજ પર દરેક પ્રાંતની પ્રાદેશિક ભાષાઓની રજૂઆત કરતા હાજર રહેલા વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થિનીઓએ પોતાના વક્તવ્યમાં ભારતની અખંડિતતા અને વિવિધ પ્રાંતોની વિવિધતાની સમજૂતી આપી હતી.

# લીલીયાના આંબા ગામે ખેડૂતને માથામાં કુહાડી મારી ઈજા પહોંચાડી

**બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી**

લીલીયા, તા.૧૮

લીલીયાના આંબા ગામે ખેડૂતને માથામાં કુહાડી મારીને ઈજા પહોંચાડી હતી. બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. ભરતભાઈ બચુભાઈ સાવજ (ઉ.વ.૪૭)એ મહેશભાઈ જગુભાઈ બોરીચા તથા લગધીરભાઈ બોરીચા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, મહેશભાઈ બોરીચા તેમના ખેતરમાંથી મોટરસાયકલ લઈને નીકળ્યા હતા. જે અંગે બોલાચાલી થઈ હતી. આ વાતનું મનદુઃખ રાખી આરોપીઓ તેમના ખેતરમાં મોટરસાયકલ લઈને આવ્યા હતા. તેમને માથાના ભાગે કુહાડીથી ઈજા પહોંચાડી હતી તેમજ લાકડી વડે આડેધડ માર માર્યો હતો અને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. જે બાદ મહેશભાઈ જગુભાઈ બોરીચા (ઉ.વ.૨૫)એ ભરતભાઈ બચુભાઈ સાવજ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ બપોરના ત્રણ વાગ્યાની આસપાસ પોતાની મોટરસાયકલ લઈને તેમના પિતાને ટિફિન દેવા વાડીએ જતા હતા. વાડીનો રસ્તો ખરાબ હોવાથી આરોપીના ખેતરમાંથી મોટરસાયકલ ચલાવી હતી. જે બાબતનું આરોપીએ મનદુઃખ રાખી તેમને ગાળો આપી હતી તેમજ લોખંડની રાપથી માથાના ભાગે ઈજા પહોંચાડીને જાનથી મારવાની ધમકી આપી હતી.

તંત્રી લેખ

# ભારત નાટો દેશોની ધમકીને ભરી પીવા તૈયાર છે

અમેરિકા સહિતના નાટો દેશને ભારત અને રશિયાની મિત્રતા આંખના કણાની જેમ ખૂંચે છે આથી નાટોએ ભારતને ધમકી આપી કે રશિયા સાથેનો વહેવાર બંધ નહીં કરો તો અમે તમારા પર સો ટકા ટેરિફ નાખીશું. ભારત હવે સક્ષમ દેશ છે જગતની કોઈ તાકાત એને આ રીતે દબાવી નહીં શકે. ભારતના ઉર્જા મંત્રીએ અમેરિકા તથા નાટો દેશોને સ્પષ્ટ સુણાવી દીધું કે અમારી જરૂરિયાત મુજબ અમે કાર્ય કરીશું. રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા અંગે નાટોના વડા માર્ક રુટે દ્વારા આપવામાં આવેલી ધમકીઓનો ભારતે કડક જવાબ આપ્યો છે. ભારતે પશ્ચિમી દેશોને ઊર્જા સુરક્ષાના મુદ્દા પર બેવડા ધોરણ ન અપનાવવા જણાવ્યું છે. ભારતના પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ નાટો ચીફ માર્ક રુટેની ધમકીઓને ફગાવી દીધી છે, અને કહ્યું છે કે તેમના બોસનું મન કોઈ દબાણ અનુભવવા માટે બનાવાયેલ નથી. અને અહીંથી જ તેમને શક્તિ મળે છે. તમને જણાવી દઈએ કે વર્તમાન રાજકીય પરિસ્થિતિમાં, ઉર્જા સુરક્ષાને પ્રાથમિકતા આપવામાં આવી છે અને વૈશ્વિક પ્લેટફોર્મ પર સ્વતંત્ર નીતિનો ધ્વજ લહેરાવવામાં આવ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું છે કે અમારા લોકોની ઉર્જા જરૂરિયાતો પૂરી કરવી સ્વાભાવિક રીતે અમારી ટોચની પ્રાથમિકતા છે. આ પ્રયાસમાં, અમે બજારમાં ઉપલબ્ધ સંસાધનો અને વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિઓના આધારે કામ કરીએ છીએ. નોંધનીય છે કે નાટો ચીફે કહ્યું હતું કે જો ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ આયાત કરે છે તો ભારત પર ૧૦૦ ટકા ગૌણ પ્રતિબંધ લાદી શકાય છે. અમારા બોસનું મન દબાણ સહન કરવા માટે તૈયાર નથી. પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ આ મામલે નાટો ચીફની ધમકીઓના દરેક દોરનો પર્દાફાશ કર્યો. આ દરમિયાન, જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે અમેરિકાએ ભારત પર ગૌણ પ્રતિબંધો લાદવાની ધમકી આપી છે. ભારતને થતા તેલ પુરવઠા પર આની શું અસર પડે છે અને આપણા દેશનો બેકઅપ પ્લાન શું છે? આ પ્રશ્નના જવાબમાં, કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રીએ કહ્યું કે તેમના મનમાં કોઈ પણ પ્રકારનું દબાણ નથી. તેમણે કહ્યું, "સૌ પ્રથમ, હું તમને કહી દઉં કે હું મારા મન પર કોઈ પ્રકારનું દબાણ લેતો નથી. અને મને નથી લાગતું કે મારા બોસનું મન કોઈ દબાણ લેવા માટે બનાવવામાં આવ્યું છે. અને મને અહીંથી મારી શક્તિ મળે છે." પેટ્રોલિયમ મંત્રીએ કહ્યું કે જ્યારે ફેબ્રુઆરી ૨૦૨૨ માં રશિયા અને યુક્રેન વચ્ચે લશ્કરી મુકાબલો થયો હતો, જ્યાં સુધી મને યાદ છે, અમે રશિયન ફેડરેશન પાસેથી અમારી કુલ ક્રૂડ ઓઈલની જરૂરિયાતના ૦.૨ ટકા ખરીદી રહ્યા હતા. આજે, તે ચોક્કસપણે ઘણું વધી ગયું છે. ભારતે તેના તેલ પુરવઠામાં વૈવિધ્યીકરણ કર્યું છે. પહેલા આપણે ૨૭ દેશો પાસેથી તેલ ખરીદતા હતા, હવે આ સંખ્યા વધીને ૪૦ થઈ ગઈ છે. હરદીપ પુરીએ ભારતની ઈંધણ જરૂરિયાતોને પહોંચી વળવા માટે દેશની સ્વતંત્ર ઉર્જા નીતિની ચર્ચા કરી. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે અમે શરૂઆતથી જ સ્પષ્ટ હતા કે અમે જ્યાંથી તેલ ખરીદવું પડશે ત્યાંથી જ તેલ ખરીદીશું. કારણ કે પ્રધાનમંત્રીની છેલ્લી પ્રતિબદ્ધતા ભારતીય ગ્રાહકો સાથે છે. અમે આ નીતિ જાળવી રાખી છે. તમને જણાવી દઈએ કે હરદીપ સિંહ પુરી ભારતના કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી છે. તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મંત્રીમંડળના એક મહત્વપૂર્ણ સભ્ય છે. એક અનુભવી રાજદ્વારી અને ૧૯૭૪ બેચના ભારતીય વિદેશ સેવા અધિકારી, પુરીએ ૩૯ વર્ષ સુધી વિવિધ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે, જેમાં યુકે, બ્રાઝિલ અને સંયુક્ત રાષ્ટ્રમાં કાયમી પ્રતિનિધિ તરીકે સેવા આપવાનો સમાવેશ થાય છે.

# અમેરિકા કરતા પણ ચડિયાતા સ્ટીલ્થ બોમ્બર ભારત બનાવી રહ્યું છે



દુનિયામાં તાકાત સર્વોપરી છે. જેની પાસે તાકાત છે તે જગતના જમાદાર બની શકે છે અને કોઈપણ દેશ સામે લાકડી ઉગામી શકે છે. આજની તારીખે અમેરિકા એવો દેશ છે જે કોઈપણ દેશને ધાક-ધમકી આપવા સક્ષમ છે પરંતુ ભારત તેની ધાક-ધમકીને ગણકારે તેમ નથી. ભારત એની તાકાત એના શસ્ત્રો દ્વારા વધારી રહ્યું છે. ભારતમાં હવે અમેરિકા કરતા ચડિયાતા સ્ટીલ્થ બોમ્બર બની રહ્યા છે. ભારત એવા શસ્ત્રો સ્વદેશમાં તૈયાર કરી રહ્યું છે કે જેને કારણે ભારતે અમેરિકા કે રશિયા પર આધાર રાખવો ન પડે. આ માટે ભારતના સંરક્ષણ મંત્રાલયે આપેલા નિર્દેશ મુજબ ખાસ પ્રકારના ડ્રોન અને સ્ટીલ્થ લડાયક વિમાનનું ઉત્પાદન ભારતમાં થઈ રહ્યું છે અને તે થોડા સમયમાં કાર્યરત પણ થઈ જશે જેને કારણે ચીન અને પાકિસ્તાન જેવા દેશોને જબરો ઝટકો લાગવાનો છે. ઓપરેશન સિંદૂરમાં, ભારતે સમગ્ર વિશ્વ સમક્ષ તેના હવાઈ સંરક્ષણ કવચની તાકાત સાબિત કરી. હવે ટૂંક સમયમાં દુનિયા આપણી વાયુસેનાની તાકાત જોશે. ભારત વિશ્વનું પહેલું ડ્યુઅલ સ્ટીલ્થ ડ્રોન બનાવી રહ્યું છે. તે દુશ્મનના હાઈ-રિઝોલ્યુશન રડાર અને ઈન્ફ્રારેડ સિગ્નલો અને હુમલાને સેકન્ડથી પણ ઓછા સમયમાં ટાળી શકશે. 'રામા' બખ્તર આ ડ્રોનની સૌથી મોટી ખાસિયત છે. જ્યારે જાણીએ કે આ 'રામા' બખ્તર શું છે અને તેનો કેવી રીતે ઉપયોગ કરવામાં આવે છે 'રામા' એક ખાસ સ્વદેશી કોટિંગ સામગ્રી છે જે રડાર અને ઈન્ફ્રારેડ શોધને ૯૭% સુધી ઘટાડે છે. હાલમાં, ફક્ત અમેરિકા, ચીન અને રશિયા પાસે જ સ્ટીલ્થ ડ્રોન છે જે રડારથી છુપાઈ શકે તેવા ફાઈટર વિમાનો છે જેના પર નવા પ્રકારનું કોટિંગ લગાડેલું છે. આ એક નેનોટેક આધારિત સ્ટીલ્થ કોટિંગ છે, જે રડાર અને ઈન્ફ્રારેડ સ્પેક્ટ્રમમાં દૃશ્યતા ઘટાડે છે. તે ડ્રોન પર પેઈન્ટ અથવા રેપના રૂપમાં લગાવવામાં આવે છે. તે કાર્બન પદાર્થોનું મિશ્રણ છે, જે રડાર તરંગોને શોષી લે છે અને ઉર્જાને ઉષ્મા તરીકે નષ્ટ કરે છે. આ થર્મલ સૂચકાંકોને પ્રતિ સેકન્ડ ૧.૫° સેલ્સિયસ ઘટાડે છે. આ ડ્રોન હૈદરાબાદ સ્થિત સ્ટાર્ટઅપ કંપની વીરા ડાયનેમિક્સ અને બિનફોર્ડ રિસર્ચ લેબ દ્વારા સંરક્ષણ મંત્રાલયની મદદથી વિકસાવવામાં આવી રહ્યું છે. RAMA (રડાર એબ્સોર્પ્શન અને મલ્ટિસ્પેક્ટ્રલ એડેપ્ટિવ) એક ખાસ સામગ્રી છે જે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

દુશ્મનના રડાર અને ઈન્ફ્રારેડ સિગ્નલોથી સંપૂર્ણપણે છુપાઈ શકે છે. રામા સાથેનું ડ્રોન ૨૦૨૫ ના અંત સુધીમાં નૌકાદળને સોંપી શકાય છે. આ અમેરિકાના સ્ટીલ્થ ડ્રોન X-47B ની તસવીર છે. તે નૌકાદળના યુદ્ધ જહાજો પરથી ઉડાન ભરવા અને ઉતરાણ કરવા સક્ષમ છે. અમેરિકાના સ્ટીલ્થ ડ્રોન X-47B જબરી તાકાત ધરાવે છે. તે નૌકાદળના યુદ્ધ જહાજો પરથી ઉડાન ભરવા અને ઉતરાણ કરવા સક્ષમ છે. આપણું ડ્રોન કંઈક આવું છે રામા સામગ્રી શું છે? આ એક નેનોટેક આધારિત સ્ટીલ્થ કોટિંગ છે, જે રડાર અને ઈન્ફ્રારેડ સ્પેક્ટ્રમમાં દૃશ્યતા ઘટાડે છે. તે ડ્રોન પર પેઈન્ટ અથવા રેપના રૂપમાં લગાવવામાં આવે છે. તે કાર્બન પદાર્થોનું મિશ્રણ છે જે રડાર તરંગોને શોષી લે છે અને ઉર્જાને ગરમી તરીકે વિખેરી નાખે છે. આનાથી થર્મલ સૂચકાંકો પ્રતિ સેકન્ડ 1.5°C ઘટે છે. તેનું ઉત્પાદન વીરા ડાયનેમિક્સ દ્વારા કરવામાં આવે છે. યુદ્ધના મેદાનમાં તે કેટલું અસરકારક છે? યુદ્ધમાં, દુશ્મનો પહેલા રડારનો ઉપયોગ કરીને ડ્રોન શોધી કાઢે છે અને પછી ઈન્ફ્રારેડથી તેમને નિશાન બનાવીને તેમને તોડી પાડે છે. રામાના કારણે આ ડ્રોન બંનેમાંથી બચી જાય છે. સેનાને શું ફાયદો? જ્યારે ૧૦૦ એટેક ડ્રોન મોકલવામાં આવે છે, ત્યારે ફક્ત ૨૫-૩૦ જ લક્ષ્ય સુધી પહોંચે છે. આ નવા ડ્રોન ૮૦-૮૫ લક્ષ્યોને નિશાન બનાવશે. ડ્રોનનું વજન ૧૦૦ કિલો છે. તે 50 કિલોગ્રામ સુધીનો પેલોડ વહન કરી શકે છે. ભારતે ગુરુવારે ઓડિશાના ચાંદીપુર ખાતેના ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જથી બે ટૂંકા અંતરની બેલિસ્ટિક મિસાઈલો પૃથ્વી-૨ અને અગ્નિ-૧નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. પૃથ્વી-૨ એ સંપૂર્ણપણે સ્વદેશી જમીનથી જમીન પર પ્રહાર કરતી મિસાઈલ છે જે ૩૫૦ કિલોમીટરની રેન્જ ધરાવે છે અને ૧,૦૦૦ ટનનો પેલોડ વહન કરી શકે છે. તેવી જ રીતે, અગ્નિ-1 મિસાઈલ, જે 700 થી 900 કિમીના અંતર સુધી ચોકસાઈથી પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે, તે 1 ટન વિસ્ફોટકો વહન કરવામાં સક્ષમ છે. તે ૨૦૦૭ થી ભારતીય સેના પાસે છે. સ્વદેશી ૫મી પેઢીના ફાઈટર એરક્રાફ્ટના મોડેલને મંજૂરી; તે ૭ હજાર કિલો વિસ્ફોટકો લઈને ઉડશે, રડાર તેને શોધી શકશે નહીં.

ભારતમાં બનનારા ૫મી પેઢીના ફાઈટર એરક્રાફ્ટ એટલે કે એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ (AMCA) ના ઉત્પાદન મોડેલને મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્ર સરકારે ૨૨ મેના રોજ આ માહિતી આપી હતી. સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે સરકારી કંપનીઓની સાથે ખાનગી કંપનીઓને પણ વિમાનના ઉત્પાદન માટે બોલી લગાવવાની તક આપવામાં આવશે.

## શબ્દ સંજોગ - ૨૦૩૮



**આડી ચાવી :**
(૧) કન્યાને વરપક્ષ તરફથી આપવાની ભેટ કે જમણ (૨)
(૩) હીરો, મણિ (૪)
(૬) તરંગ, ફાટો (૧)
(૭) વડની ડાળમાંથી ફૂટીને લબડતું મૂળ (૪)
(૮) ઢાંકપિછોડો (૩)
(૧૦) ગાંઠ, ઢેકો (૨)
(૧૧) દળદરી, કંજૂસ (૨)
(૧૩) હદ, મર્યાદા (૨)
(૧૫) મોહ કે મૂઢતા યા મૂર્છામાં નાખે એવું (૪)
(૧૭) દોડતાં દોડતાં એકદમ પાછું ફરવું તે (૨)
(૧૮) આદેશ, આજ્ઞા (૩)
(૨૦) શિંગડાવાળું હરણ જેવું પ્રાણી (૩)
(૨૨) કંગાળ, ભિખારી (૩)
(૨૩) પેટની ફાંદ (૨)
(૨૪) ભેંસનું નરબચ્ચું કે તેનો નર (૨)
(૨૫) વિવાહ, વેવિશાળ (૨)
(૨૭) કૃષ્ણના બાળસ્વરૂપની -બાળગોપાળની મૂર્તિ (૩)
(૩૦) સ્ત્રીઓનું એક પહેરણ (૩)
(૩૧) તડપવું તે, તલપ (૩)
(૩૨) એક વેલ (૪)
(૩૩) ભાગ્યશાળી, નસીબદાર (૨)

**ઉભી ચાવી :**
(૧) ચોકી, ચબૂતરો (૩)
(૨) દાંતવાળો મોંનો નીચેનો ભાગ(૩)
(૩) વીજળી ઉત્પન્ન કરવાનું એક પ્રકારનું યંત્ર (૪)
(૪) ઈચ્છા, ઉમેદ (૨)
(૫) કબૂતર (અં) (૨)
(૯) છબીલું, સુંદર (૩)
(૧૨) ઉતાવળે, ઓચિંતુ (૩)
(૧૪) દીવાસળીની પેટી (૩)
(૧૫) રૂઢિ, પરંપરા (૩)
(૧૬) ઉદ્ધત, નિરંકુશ (૩)
(૧૮) પ્રેમરૂપી બંધન (૪)
(૧૯) ખોટી આદત, છંદ (૩)
(૨૧) નકામું, બાતલ કરેલું (૫)
(૨૫) આછું આછું (૩)
(૨૬) હઠ, આડાઈ (૩)
(૨૮) લાડકી પુત્રી (૩)
(૨૯) એક જાતની મજબૂત મોટરગાડી (૨)
(૩૦) સોનું (૨)

## શબ્દ સંજોગ - ૨૦૩૭ જવાબ

**આડી ચાવી :** (૧) આરંભ (૩) પાપી (૪) દયા (૬) રાગ (૭) શ્વાન (૮) દરદ (૯) ધરૂ (૧૧) જીવ (૧૨) નાટક (૧૪) યાદ (૧૫) લાક્ષણિક (૧૬) હોલો (૧૮) સાવધ (૨૦) વકીલ (૨૧) મધર (૨૨) હરખ (૨૩) મણ (૨૫) દશાનન (૨૬) યોગમાયા.
**ઉભી ચાવી :** (૧) આરાધના (૨) રંગરૂટ (૩) પાન (૪) દરજી (૫) યાદવ (૭) શ્વાસ (૧૦) મોદક (૧૩) કલાઘર (૧૪) પાણિગ્રહણ (૧૬) હોકી (૧૭) લોલક (૧૮) સામવેદ (૧૯) વધ (૨૦) વખ (૨૩) મન (૨૪) વામા.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૮૦ | ૧૬૮૫ |
| ઘઉં લોકવન | ૪૯૭ | ૫૪૪ |
| ઘઉં ટુકડા | ૫૦૨ | ૫૬૫ |
| જુવાર સફેદ | ૭૨૦ | ૮૩૮ |
| જુવાર લાલ | ૮૦૦ | ૯૩૭ |
| જુવાર પીળી | ૪૯૦ | ૫૬૭ |
| બાજરી | ૩૪૯ | ૪૩૧ |
| તુવેર | ૧૦૮૦ | ૧૩૧૭ |
| ચણા પીળા | ૯૦૦ | ૧૨૦૦ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૨૧૩૦ |
| અડદ | ૧૧૭૦ | ૧૪૩૭ |
| મગ | ૧૩૨૫ | ૧૬૪૦ |
| વાલ પાપડી | ૯૬૪ | ૧૨૨૪ |
| ચોળી | ૧૨૦૦ | ૧૬૯૨ |
| વટાણા | ૮૦૦ | ૨૨૫૦ |
| કળથી | ૪૭૫ | ૬૫૦ |
| રાજમા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૫૮૦ |
| મગફળી જાડી | ૯૫૧ | ૧૨૦૦ |
| મગફળી જીણી | ૯૨૦ | ૧૧૭૧ |
| તલી | ૧૩૩૦ | ૧૯૫૧ |
| એરંડા | ૧૧૭૫ | ૧૩૦૩ |
| અજમો | ૯૬૦ | ૧૫૯૬ |
| સુવા | ૧૨૦૫ | ૧૪૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૨૦ |
| સીંગફાડા | ૯૫૦ | ૧૩૭૫ |
| કાળા તલ | ૨૯૫૦ | ૩૯૫૦ |
| લસણ | ૬૧૫ | ૧૨૧૨ |
| ધાણા | ૧૨૭૫ | ૧૪૫૧ |
| ધાણી | ૧૩૨૧ | ૧૪૪૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૬૧૧ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૯૪૭ |
| રાય | ૧૨૨૦ | ૧૪૨૦ |
| મેથી | ૮૧૫ | ૧૨૯૦ |
| ઇસબગુલ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| કલોંજી | ૩૭૦૦ | ૪૧૬૧ |
| રાયડો | ૧૧૩૦ | ૧૨૯૦ |
| રજકાનું બી | ૪૩૫૦ | ૫૪૪૮ |
| ગુવારનું બી | ૮૫૦ | ૯૯૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૦૦ | ૫૦૦ |
| પપૈયા | ૨૦૦ | ૩૦૦ |
| બટેટા | ૧૮૦ | ૩૨૧ |
| ડુંગળી સુકી | ૧૦૫ | ૩૧૫ |
| ટમેટા | ૩૨૦ | ૬૧૦ |
| સુરણ | ૯૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૪૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૨૪૦ | ૪૨૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૨૫૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૩૦૦ | ૫૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૯૦૦ | ૧૧૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૩૩૦ | ૫૨૦ |
| કંટોળા | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૩૨૦ | ૫૧૦ |
| મેથી | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૬૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૧૨૦૦ |
| મકાઇ લીલી | ૧૪૦ | ૪૦૦ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૪૦૧ | ૧૭૦૧ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૧૪ | ૬૧૮ |
| મગફળી જીણી | ૮૪૧ | ૧૦૯૧ |
| સિંગદાણા જાડા | ૧૨૦૧ | ૧૫૧૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૨૧ |
| એરંડા / એરંડી | ૧૦૭૬ | ૧૩૨૧ |
| જીરૂ | ૨૮૦૧ | ૩૭૭૧ |
| ક્લંજી | ૨૩૦૧ | ૪૧૫૧ |
| વરીયાળી | ૧૨૨૧ | ૧૨૨૧ |
| ધાણા | ૯૦૧ | ૧૫૦૧ |
| લસણ સુકું | ૫૦૧ | ૧૦૨૧ |
| ડુંગળી લાલ | ૯૬ | ૨૮૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૪૦૧ |
| મઠ | ૫૫૧ | ૫૫૧ |
| તુવેર | ૧૧૦૧ | ૧૩૩૧ |
| રાયડો | ૧૧૭૧ | ૧૨૨૧ |
| રાય | ૧૨૨૧ | ૧૩૬૧ |
| મેથી | ૯૫૧ | ૧૦૮૧ |
| કાંગ | ૨૫૧ | ૬૨૧ |
| સુરજમુખી | ૯૦૧ | ૧૨૪૧ |
| મગફળી જાડી | ૭૫૧ | ૧૨૨૬ |
| સફેદ ચણા | ૧૧૫૧ | ૨૦૪૧ |
| મગફળી નવી | ૬૫૧ | ૧૨૪૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૫૪૬ |
| ડુંગળી સફેદ | ૧૬૧ | ૨૦૬ |
| બાજરો | ૨૭૧ | ૪૫૧ |
| જુવાર | ૩૦૧ | ૯૩૧ |
| મકાઇ | ૪૫૧ | ૪૫૧ |
| મગ | ૧૧૦૧ | ૧૭૧૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૧૮૧ |
| વાલ | ૯૫૦ | ૧૨૨૧ |
| ચોળા / ચોળી | ૧૦૦૧ | ૧૪૦૧ |
| સોયાબીન | ૫૫૧ | ૮૩૧ |
| ગોગળી | ૫૦૦ | ૧૦૪૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૭૦૦ |
| મરચા | ૩૮૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૨૦૦ | ૫૦૦ |
| દુધી | ૧૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૧૪૦૦ |
| કાકડી | ૮૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૮૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૫૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૧૮૦૦ | ૨૨૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૩૦૦૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૭૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૭ |
| કોથમીર પુરા | ૨ | ૧૦ |
| મૂળા પુરા | ૫ | ૧૫ |
| ફોદીનો પુરા | ૫ | ૧૪ |
| કંટોલા | ૧૪૦૦ | ૨૬૦૦ |
| પરવર | ૧૧૮૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૯૦૦ |
| લીંબુ | ૧૬૦ | ૪૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |
| બીટ પુરા | ૧૦ | ૧૫ |
| સરગવો પુરા | ૨૯ | ૪૦ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૩૮૦ | ૧૦૦૦ |
| વાલોર | ૧૦૦૦ | ૧૮૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૬૦ |
| આદુ | ૪૦૦ | ૮૨૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૫૦૦ |
| લસણ પુરા | ૧૫ | ૨૫ |
| પાલક પુરા | ૨ | ૫ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૮૮૨ | ૧૦૮૬ |
| શિંગ મોટી | ૮૨૫ | ૧૧૫૧ |
| શિંગ દાણા | ૧૩૦૦ | ૧૪૬૬ |
| શિંગ ફાડા | ૧૦૫૬ | ૧૫૪૦ |
| તલ સફેદ | ૧૦૫૦ | ૨૦૫૦ |
| તલ કાળા | ૨૬૦૦ | ૩૮૯૯ |
| તલ કાશ્મીરી | ૨૨૫૦ | ૨૨૫૦ |
| બાજરો | ૩૩૧ | ૬૦૧ |
| ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૭૮ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૫૮ |
| મકાઈ | ૨૫૦ | ૩૨૪ |
| મગ | ૧૨૧૨ | ૧૬૫૧ |
| ચણા | ૮૦૦ | ૧૧૮૨ |
| ચણા સફેદ | ૧૦૮૬ | ૧૧૭૦ |
| તુવેર | ૯૫૫ | ૧૨૮૮ |
| કપાસ | ૯૬૦ | ૧૬૯૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૮૯ |
| જીરૂ | ૨૯૬૦ | ૩૭૦૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૩૭૬ |
| મેથી | ૫૦૦ | ૯૦૦ |
| સોયાબીન | ૬૪૦ | ૮૧૩ |
| કાંગ | ૩૪૫ | ૪૬૦ |
| છોલે ચણા | ૧૨૦૩ | ૧૨૪૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૪૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૮૩૦ | ૯૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૦૦ |
| શક્કરીયા | ૭૦૦ | ૮૦૦ |
| ટામેટા | ૫૫૦ | ૬૫૦ |
| સુરણ | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૫૦ |
| દૂધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૮૦૦ | ૯૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૫૦ |
| ગુવાર | ૧૫૦૦ | ૧૬૦૦ |
| વટાણાં | ૨૦૫૦ | ૨૨૦૦ |
| ચોળા લીલા | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૫૩૦ | ૬૦૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૬૦૦ | ૭૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૬૫૦ | ૭૫૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૦૦ |
| બીટ | ૪૦૦ | ૪૮૦ |
| શીંગ ઓળા | ૮૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૧૨૦ | ૧૫૦ |
| મરચા લીલા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ડુંગળી સૂકી | ૧૧૦ | ૩૦૦ |
| લસણ સુકુ | ૧૦૫૦ | ૧૨૫૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૦૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૮૦ |
| શીંગ મોટી | ૧૦૩૦ | ૧૧૩૦ |
| શીંગ ઉનાળુ | ૧૦૦૦ | ૧૦૨૫ |
| શીંગ દાણા | ૧૨૦૦ | ૧૪૦૫ |
| તલ સફેદ | ૧૩૫૦ | ૧૮૫૧ |
| તલ કાળા | ૩૪૦૦ | ૩૯૫૫ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૭૮૨ |
| કપાસ | ૧૫૫૦ | ૧૭૦૦ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૧૬ |
| બાજરો | ૩૩૦ | ૪૫૧ |
| જુવાર | ૫૫૦ | ૭૬૭ |
| મગ | ૧૧૦૦ | ૧૪૫૧ |
| ચણા | ૧૧૧૦ | ૧૨૧૪ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૧૫ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૬ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૧૦૧૫ | ૧૦૧૫ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૧૯૩૬ |
| કપાસ | ૧૦૦૦ | ૧૨૫૧ |
| બાજરો | ૪૪૧ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૦૬ | ૫૭૭ |
| જુવાર | ૪૯૦ | ૮૭૧ |
| મગ | ૧૩૯૧ | ૧૫૫૧ |
| અડદ | ૧૩૨૫ | ૧૩૨૫ |
| ચણા | ૮૦૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૭૭૧ | ૭૭૧ |
| શીંગદાણા | ૧૨૨૦ | ૧૩૦૧ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૫૮૦ | ૧૭૦૧ |
| કપાસ મીડીયમ | ૧૪૭૦ | ૧૫૬૦ |
| મગફળી | ૧૦૩૦ | ૧૦૯૦ |
| જીરૂ | ૨૯૧૫ | ૩૫૯૫ |
| ઘઉં | ૪૭૦ | ૫૧૦ |
| મગ | ૧૨૨૦ | ૧૪૬૦ |
| તલ | ૧૫૮૦ | ૧૯૦૦ |
| ચણા | ૧૦૧૪ | ૧૧૪૬ |

### ધારી

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૪૦૫ | ૫૦૭ |
| ચણા | ૧૧૩૫ | ૧૧૩૫ |
| તલ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| દાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| મગ | ૧૪૦૧ | ૧૪૦૧ |
| સોયાબીન | ૭૭૪ | ૭૭૪ |

### બગસરા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૪૮૩ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૧૨ |
| ચણા | ૮૯૦ | ૧૧૩૦ |
| તલ સફેદ | ૧૧૯૦ | ૧૧૯૦ |
| સોયાબીન | ૭૬૦ | ૭૮૮ |
| મેથી | ૬૩૫ | ૬૩૫ |
| કાંગ | ૨૭૫ | ૨૭૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| રાય | ૯૫૦ | ૯૫૦ |
| જીરૂ | ૩૪૫૦ | ૩૪૫૦ |
| મગ | ૧૧૫૦ | ૧૫૨૫ |
| વાલ | ૫૦૦ | ૫૦૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| બાજરો | ૨૧૦ | ૪૦૧ |
| તુવેર | ૧૧૪૦ | ૧૧૪૦ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી ૨૦ | ૯૨૫ | ૧૧૩૯ |
| મગફળી ૩૨ નં. | ૯૦૦ | ૧૦૬૮ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૫૩૩ |
| ઘઉં | ૪૩૦ | ૫૫૩ |
| મેથી | ૭૫૦ | ૯૫૨ |
| જુવાર | ૫૦૦ | ૭૭૬ |
| ચોળી | ૮૦૦ | ૧૫૪૮ |
| અડદ | ૧૨૦૦ | ૧૪૩૪ |
| મગ | ૧૨૧૦ | ૧૭૬૦ |
| એરંડી | ૧૧૪૦ | ૧૨૭૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૫૧ |
| સફેદ તલ | ૧૨૦૦ | ૧૯૨૮ |
| કાળા તલ | ૨૪૦૦ | ૩૯૭૨ |
| સોયાબીન | ૭૭૦ | ૮૩૬ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૬૦ |
| સીંગદાણા | ૧૨૦૦ | ૧૬૫૬ |
| કાંગ | ૩૭૦ | ૪૯૨ |
| રજકો | ૩૨૦૦ | ૪૭૦૦ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૬૪૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૫ |
| મગ | ૮૦૧ | ૧૪૯૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૫૦ |
| તુવેર | ૯૦૧ | ૧૨૭૬ |
| મગફળી | ૮૦૧ | ૧૦૫૬ |
| શિંગ દાણા | ૧૨૦૧ | ૧૩૯૬ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૧૮૮૬ |
| ધાણા | ૭૫૧ | ૧૩૭૬ |
| સોયાબીન | ૬૫૧ | ૮૦૬ |

### મહુવા

| | | |
|---|---|---|
| જુવાર | ૩૬૧ | ૫૫૯ |
| બાજરી | ૩૫૧ | ૫૬૩ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૫૭૬ |
| મગ | ૧૦૬૦ | ૧૫૭૫ |
| અજમા | ૧૩૪૫ | ૧૩૪૫ |
| સોયાબીન | ૭૭૩ | ૭૭૩ |
| ચણા | ૯૭૫ | ૧૧૫૨ |
| તલ સફેદ | ૧૪૪૧ | ૧૯૫૧ |
| તલ કાળા | ૨૬૬૦ | ૩૪૬૦ |
| ડુંગળી લાલ | ૧૫૬ | ૨૮૧ |
| ડુંગળી સફેદ | ૯૦ | ૨૩૮ |
| કપાસ શંકર | ૮૧૫ | ૧૫૧૨ |
| નાળીયેર | ૭૧૧ | ૩૦૦૦ |

### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૫૦૦ | ૭૪૫ |
| બાજરો | ૩૩૫ | ૫૨૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૧ |
| મગ | ૧૪૦૦ | ૧૬૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૯૦ |
| ચોળી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૧૧૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૩૮ |
| મગફળી જીણી | ૯૧૦ | ૧૧૬૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૦૪૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૮૧ |
| તલ | ૧૬૦૦ | ૧૯૫૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૭૦૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૯૮ |
| લસણ | ૪૨૮ | ૮૮૦ |
| કપાસ | ૧૫૭૫ | ૧૬૭૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૬૬૫ |
| અજમો | ૮૦૦ | ૨૬૦૦ |
| ધાણા | ૧૦૪૦ | ૧૪૩૫ |
| ધાણી | ૧૨૦૦ | ૧૪૪૦ |
| ડુંગળી સૂકી | ૮૫ | ૩૦૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ખાંભાના નાના બારમણ ગામે પાંચ લાખ લીટરનો પાણીનો ટાંકો ધરાશાયી

**ટાંકો તૂટતા બાજુના મકાનના નળીયા તૂટ્યા, પ્રૌઢને ઈજા થતા સારવારમાં ખસેડાયા**

અમરેલી,તા.૧૮

ખાંભા તાલુકાના નાના બારમણ ગામે આવેલો પાંચ લાખ લીટરનો પાણીનો ટાંકો ધરાશાયી થતા અફરાતફરી મચી ગઈ હતી. ટાંકો ધરાશાયી થયો હોવાના સમાચાર મળતા વહીવટી તંત્ર અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ખાંભા તાલુકાના નાના બારમણ ગામની હદમાં આવતો પાંચ લાખ લીટરનો પાણીનો ટાંકો શુક્રવારે બપોરે અચાનક જ ધરાશાયી થઈ ગયો હતો. ટાંકો ધરાશાયી થતા જ ગ્રામજનો દોડી ગયા હતા. ટાંકાના અમુક ટુકડા બાજુમાં આવેલ બદરૂભાઈના મકાન પર પડતા મકાનના નળીયા તૂટી ગયા હતા અને પ્રૌઢને ઈજા થતા તાત્કાલિક સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. ગ્રામજનોના જણાવ્યા મુજબ આ પાણીનો ટાંકો વર્ષ ૨૦૦૧માં બનેલો હતો. આ ટાંકાને ૨૫ વર્ષ જેટલો સમય વીતિ ગયો હતો જેથી આ ટાંકો ધરાશાયી થાય તે પહેલા જવાબદાર અધિકારીઓને રજૂઆત પણ કરવામાં આવી હતી પરંતુ અધિકારીઓએ આ બાબતે કોઈ ધ્યાન આપ્યું નહોતું.



**આખો ટાંકો ભરવામાં આવતા ધરાશાયી**

નાના બારમણ ગામે પાણીનો ટાંકો ધરાશાયી થવાના મુદ્દે ગ્રામજનોએ જણાવ્યું હતું કે, ટાંકો આખો ભરવામાં આવતા ધરાશાયી થયો હતો. ટાંકો બન્યો છે ત્યારથી લઈ અત્યાર સુધીમાં રિપેરીંગ કરવામાં આવ્યું નથી. હવે ટાંકો ધરાશાયી થતાં સીધું કનેકશન આપવામાં આવશે અથવા તો ૮ ગામોને ટેન્કર મારફતે પાણી પુરૂ પાડવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

**૮ ગામોને પાણી પુરૂ પાડવામાં આવતું હતું**

નાના બારમણ ગામે પાંચ લાખ લીટરનો પાણીનો ટાંકો ધરાશાયી થતા અશોકભાઈ આંબાભાઈની જમીનમાં ધોવાણ થયુ હતું અને જમીન પાણી-પાણી થઈ ગઈ હતી. આ પાણીનો ટાંકો પીછરી, મોટા બારમણ, એભલવડ, લોર સહિત આઠ ગામોને પાણી પુરૂં પાડતો હતો ત્યારે અચાનક જ પાણીનો ટાંકો ધરાશાયી થતા આ તમામ ગામોમાં પાણી વ્યવસ્થા ખોરવાઈ જશે જેથી આ ગામોને હવે કદાચ ઘરના બોર કે ટેન્કર પર આધાર રાખવો પડશે.

**અધિકારીઓ અને ધારાસભ્ય દોડી ગયા**

ખાંભા તાલુકાના નાના બારમણ ગામે પાણી પુરૂ પાડતો પાણીનો ટાંકો અચાનક જ ધસી પડતા આ ઘટનાની જાણ ધારી પ્રાંત અધિકારી, તાલુકા વિકાસ અધિકારીને થતા તેઓ પણ સ્થળ પર દોડી ગયા હતા તેમજ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ પણ ઘટનાસ્થળે પહોંચી માહિતી મેળવી હતી.

## ઉનામાં માતાએ ઘરકંકાસમાં ૬ માસના ગર્ભને જન્મ આપીને તરછોડ્યો

ઉના,તા.૧૮



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના શહેરમાં એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. રાજુલાના શાંતિબેન દિનેશભાઈ સોલંકીએ પોતાની પુત્રી સાથે મળીને એક નવજાત શિશુને તરછોડી દીધું છે. આ ઘટનાની વિગતો અનુસાર, શાંતિબેન ૧૪ જુલાઈના રોજ તેમના પતિ સાથે ઝઘડો કર્યા બાદ તેમના ભાઈના ઘરે કોડીનાર તાલુકાના પ્રાચી ગામે ગયા હતા. પ્રસૂતિ બાદ શાંતિબેને તેમની પુત્રીની મદદથી નવજાત શિશુને ઉનાની એક ખાનગી હોસ્પિટલ નજીક ફેંકી દીધું હતું. હોસ્પિટલમાં તેમની સારવાર દરમિયાન તેમની સચ્ચાઈ બહાર આવી હતી. હોસ્પિટલ સ્ટાફે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી અને પોલીસે શાંતિબેન અને તેમની પુત્રી સામે કાર્યવાહી હાથ ધરી છે.

## કોડીનારના પેઢાવાડા ગામ નજીક બની રહેલા રસ્તામાં ભ્રષ્ટાચારનો આક્ષેપ

કોડીનાર,તા.૧૮

ગુજરાતના સોમનાથથી ભાવનગર સુધી રૂ.૩,૫૦૦ કરોડથી વધુના ખર્ચે બનેલા નવનિર્મિત નેશનલ હાઈવેના નિર્માણકાર્યમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને બેદરકારીના કિસ્સાઓ અવારનવાર સામે આવે છે ત્યારે વધુ એકવાર નેશનલ હાઈવેના કામમાં ભ્રષ્ટાચાર અને પોલંપોલ થયાનો આક્ષેપ સ્થાનિકો દ્વારા લગાવવામાં આવ્યો છે. નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા કોડીનાર તાલુકાના પેઢાવાડા ગામ નજીક એક જૂના અને જર્જરિત પુલ પર જ નવો ફોર-ટ્રેક રોડ બનાવી દેવામાં આવ્યો હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે, જે ભવિષ્યમાં મોટી દુર્ઘટના નોતરી શકે છે. પેઢાવાડા ગામના જાગૃત નાગરિક ભગવાનભાઈ ડોડીયા દ્વારા આ મામલે છેલ્લા બે વર્ષથી સતત ફરિયાદો કરવામાં આવી રહી છે, પરંતુ તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. બે વર્ષ પહેલાં ભગવાનભાઈ ડોડીયાએ જિલ્લા કલેક્ટરને આ અંગે રજૂઆત કરી હતી. જેના પ્રત્યુત્તરમાં જિલ્લા કલેક્ટરે માત્ર NHAI ને પત્ર લખીને સંતોષ માન્યો હતો. જોકે, આ જર્જરિત પુલના નીચેના ભાગે પોપડા પડી જતાં અને લોખંડના કટાઈ ગયેલા સળિયા દેખાઈ આવતાં, પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. જર્જરિત પુલને કારણે કોઈ મોટો અકસ્માત થાય તેવી ભીતિ સેવાઈ રહી છે.



તસવીર : કુલદિપ પાઠક

## કસ્તુરબા બાલિકા વિદ્યાલય અરણેજ મુકામે વિશ્વ યુવા કૌશલ્ય દિવસની ઉજવણી કરાઈ

ગીર સોમનાથ, તા.૧૮



તસવીર : ધર્મેશ પાઠક

યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય દ્વારા ૧૫ જુલાઈને વિશ્વ યુવા કૌશલ્ય દિવસ તરીકે જાહેર કરી હતી. આ અન્વયે અરણેજ ગામમાં આવેલ કસ્તુરબા બાલિકા વિદ્યાલયમાં બાળાઓને રોજગાર, યોગ્ય કાર્ય અને ઉદ્યોગસાહસિકતા માટે કૌશલ્યથી સજ્જ કરવાના વ્યૂહાત્મક મહત્વથી ઉજવણી કરી હતી. તેમજ એઆઈ અને તેમજ ડિજિટલ સ્કીલ વિશે માહિતગાર કર્યા હતા. આ તકે પીએલવી પ્રકાશ જે. મકવાણા, એન વાય એસ કે દિવ્યાબેન જે. મકવાણા તેમજ વોર્ડન કમ હેડ ટીચર પરમાર રંજનબેન એન., સહાયક વોર્ડન કંચનબેન વાળા અને બાળાઓ હાજર રહ્યા હતા.

## ધોરાજીથી ઉપલેટા-પોરબંદરના રસ્તે ભાદર નદી પાસે ત્રણ પુલ જોખમી અને જર્જરિત હાલતમાં

ધોરાજી,તા.૧૮



તસવીર : નયન કુહાડીયા

ધોરાજીથી ઉપલેટા-પોરબંદર તરફ જવાના રસ્તા ઉપર જતા ભાદર નદી નજીકથી પસાર થતા ત્રણ જેટલા પુલ જોખમી અને જર્જરિત હાલતમાં છે. તાજેતરમાં પુલ દુર્ઘટના પછી સરકારે પુલ અને બ્રિજનું નિરીક્ષણ કરવાની સૂચના આપી છે, પરંતુ સરકારની આ સૂચનાનો અમલ ધોરાજીના અધિકારીઓ નથી કરતાં તેવું સ્થાનિકો જણાવે છે. ભાદર નદી પર અને તેની આસપાસમાં જે બે બ્રિજ છે તે અત્યંત બિસ્માર હાલતમાં છે, બ્રિજ પર ગાબડા છે. બ્રિજ પરથી પસાર થવું પણ મુશ્કેલ બન્યું છે. આમ ઉપલેટાથી ધોરાજી આવતા અને રાજકોટથી ધોરાજી અને ધોરાજીથી પોરબંદર તરફ જતા વાહનચાલકોને જીવના જોખમે અહીંયાથી પસાર થવું પડે છે. આ બાબતે ધોરાજીના પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાએ જણાવેલ કે જ્યારે કોઈ દુર્ઘટના બને ત્યારે રાજ્ય સરકાર તપાસના આદેશો છોડે છે પરંતુ જે પુલ જર્જરિત છે તેની તપાસ અગાઉથી કેમ કરતી નથી? ધોરાજી ઉપલેટા વચ્ચે ત્રણ પુલ જર્જરિત છે. આ બાબતે કાયદેસર કાર્યવાહી કરવામાં આવી તેવી માંગણી કરી હતી.

## ધોરાજીથી જામનગર તરફનો ભાદર બ્રિજ ભારે વાહનો માટે બંધ કરવા તંત્રની તજવીજ

**અચાનક માર્ગ બંધ થવાથી વાહનચાલકોને હાલાકી**

ધોરાજી,તા.૧૮

ગંભીરા બ્રિજની દુર્ઘટનાને ધ્યાને લઈ સરકારે જુના અને જર્જરિત પુલો પર હવે પછી કોઈ દુર્ઘટના ન સર્જાય તેની તકેદારી લીધી છે. આવા પુલના પરીક્ષણ માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. ધોરાજીના વેગડી ગામથી જામનગર જતા વચ્ચે આવતો ભાદર વે-બ્રિજ ૬૦ વર્ષથી પણ વધુ જુના બ્રિજને ભારે વાહનો માટે બંધ કરવામાં આવે તેવી શક્યતા જણાઈ રહી છે. જ્યારે બીજી તરફ અધિકારીઓએ પુલનું પરીક્ષણ કરી પુલ પાસે માટીના ઢગલા કરી દેતા વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો અને વાહનોની કતારો લાગી હતી. અચાનક માર્ગ બંધ થઈ જતા વાહનચાલકોએ હોબાળો મચાવ્યો હતો. જેને લઈ થોડીવાર બાદ જેસીબી વડે માટી હટાવી રસ્તો ફરી શરૂ કરાયો હતો.



તસવીર : નયન કુહાડીયા

## સા.કુંડલાના સીમરણ રેવન્યુ વિસ્તારમાંથી હરણનું ચામડું અને સિંહના નખ સાથે શખ્સ ઝડપાયો

અમરેલી, તા.૧૮

સાવરકુંડલાના સીમરણ ગીર વિસ્તારમાંથી વન વિભાગને મળેલી બાતમીને આધારે હરણના ચામડા અને સિંહના નખ સાથે એક શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો. આઈએફએસ વિકાસ યાદવની સૂચના મુજબ સાવરકુંડલા રેન્જના આરએફઓ પી.એન. ચાંદુ સહિતના વન કર્મચારીઓને મળેલ બાતમીને આધારે સઘન તપાસ કરતા ગુરૂવારના રોજ સાવરકુંડલા તાલુકા હેઠળના સીમરણ રેવન્યુ વિસ્તારમાંથી હરણનું ચામડું અને સિંહના બે નખ મળી આવેલ હતા. આ ગુનામાં આરોપી તરીકે વાલજી વાસુર માતંગ ઉંમર વર્ષ ૪૮ રહે. સીમરણ તા. સાવરકુંડલા વાળો હોવાનું ખુલતા વન અધિકારીઓએ આરોપીને ઝડપી કોર્ટમાં રજૂ કરતા કોર્ટ દ્વારા ત્રણ દિવસના ફોરેસ્ટ રિમાન્ડ મંજૂર કર્યા છે. આ ગુનાની તપાસ આરએફઓ પી.એન. ચાંદુ ચલાવી રહ્યા છે.



## કોડીનારમાં સૌરાષ્ટ્ર સિમેન્ટ સિધ્ધિગ્રામ દ્વારા તાલુકાના ૨૬ ટીબી દર્દીઓને રાશનકીટનું વિતરણ

કોડીનાર,તા.૧૮



તસવીર : ધર્મેશ પાઠક

ટીબીમુક્ત ભારત અભિયાન અંતર્ગત ટીબી રોગના દર્દીઓને પોષણયુક્ત આહાર મળી રહે તે માટે ગીર સોમનાથના કલેકટર અને જિલ્લા ક્ષય કેન્દ્રના માર્ગદર્શન તળે સૌરાષ્ટ્ર સિમેન્ટ સિધ્ધિગ્રામ દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે કોડીનાર તાલુકાના ૨૬ દર્દીઓને બાજરો, ચણા, મગ, ખાદ્યતેલ અને ગોળ જેવા પ્રોટીનસભર વસ્તુઓની છ મહિના ચાલે તેટલા સામાનની કીટ આપવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ. વૈશાલી બોઝ સી.એમ. ઓ.એ પ્રાથમિક સમજ આપી હતી તથા નિપુલ ઝાલા મેનેજર એચઆર વિભાગ, રશ્મિતા બારડ ઈન્ડ ફાર્માસિસ્ટ, કિર્તિ રાઠોડ સિધ્ધિગ્રામ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રભાસ સંકુલને એનસીસીમાં શ્રેષ્ઠ પ્રદર્શન અને શ્રેષ્ટ શાળા એવોર્ડ એનાયત

ઉના,તા.૧૮

ઉના તાલુકાના સીમરમાં પ્રભાસ સંકુલના વિદ્યાર્થીઓને એનસીસીમાં શ્રેષ્ઠ પ્રદર્શન અને 'શ્રેષ્ટ શાળા એવોર્ડ' પ્રાપ્ત થયો છે. આ શાળાનાં વિદ્યાર્થીઓ તાજેતરમાં વેરાવળ ખાતે યોજાયેલ નેવી કેમ્પ ત્યાર બાદ જૂનાગઢ ખાતે યોજાયેલ આર્મી કેમ્પમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને બેસ્ટ સ્કૂલનો એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. એનસીસી જુનિયર ડિવિઝનમાં આ સ્કૂળ સતત ત્રણ વર્ષમાં ત્રણ એવોર્ડ મેળવી અગ્રેસર રહી છે. આ તકે એનસીસી આર્મી સિમર પ્રભાત સ્કૂલનાં કોચ યોગેશભાઈ અને નેવી કોચ હર્ષદભાઈ બંને શિક્ષકની અથાક મહેનત રંગ લાવી રહી છે. શાળાના ટ્રસ્ટી સંદિપસિંહ રાઠોડ, ચેતનસિંહ, વિક્રમભાઈ, શિતલ મેડમ દ્વારા એનસીસી કોચ અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા રહે છે.



તસવીર : કૈલાશ ભટ્ટ


**– // અસલ દસ્તાવેજ ગુમ થયા અંગેની જાહેર નોટીસ // –**

આથી હુ નીચે સહી કરનાર એડવોકેટ, અશ્વિન એમ.પટેલ, રહે.અમરેલીના આ જાહેર નોટીસથી લાગતા વળગતા સર્વેને જાણ/તાકીદ કરૂ છુ કે:

અમારી પાસેથી અમારા અસીલો શ્રી (૧) શેખ પાપીયાબેન મોહસીનઅલી, (૨) શેખ મોહસીનઅલી અકબરઅલી, બંને રહે. અમરેલીવાળાની બાનાખતવાળી મિલકત કે જેનુ વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી સુધરાઈ હદમાં ચોરાપા વિસ્તારમાં, નીલકંઠ મહાદેવ મંદિર પાસે, રહેણાંક હેતુ માટેની મિલકત,
ટીકા નંબર-૭/૩, સીટી સર્વે નં.૧૪૩, જેના કુલ ચો.મી. ૪૮–૪૯૫૫,
નોટરાઈઝ બાનાખત સીરીયલ નં.૨૦૯, નોટરાઈઝ થયા તારીખ : ૨૫/૩/૨૦૨૫

ઉપરોકત મીલ્કતની ઉતરોતર દસ્તાવેજોની ફાઈલ ચકાસતા તેમા, સબ-રજીસ્ટ્રાર કચેરી-અમરેલીના અનુક્રમ નં.૬૪૮, તા.૨૦/૬/૧૯૬૦નો અસલ રજી. વેચાણ દસ્તાવેજ જે કાળીદાસ છગનલાલ પારેખના નામ જોગ થયેલ છે તે અસલ દસ્તાવેજ તથા પરચુરણ કાગળો લઈ શ્રી રમેશચંદ્ર કાળીદાસ પારેખ તા.૧૫/૮/૨૦૨૪ ના રોજ બગસરા જતા હતા ત્યારે બાબાપુરથી મોટા માંડવડા વચ્ચે આ અસલ દસ્તાવેજ કયાંક પડી જતા ખોવાઈ ગયેલ છે જે અંગેની લેખિતમાં જાણ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશને તા.૨૨/૧૦/૨૦૨૪ના રોજ કરેલ છે અને અમરેલી તાલુકા પોલીસ સ્ટેશને તા.૫/૧/૨૦૨૫ ના રોજ દાખલો લખી આપેલ કે "આજદિન સુધી તપાસ કરતા વેચાણ દસ્તાવેજ નં.૬૪૮/૧૯૬૦ મળી આવેલ નથી "આ અસલ દસ્તાવેજની જગ્યાએ કોમ્પીટન્ટ ઓથોરીટી દ્વારા આપવામાં આવેલ પ્રમાણીત નકલ અમારા સમક્ષ ટાઈટલ ફાઈલમા રજુ થયેલ છે.

સબબ આ નોટીસથી સર્વે લાગતા વળગતાને જણાવવાનુ કે,ઉપરોકત જણાવેલ અસલ દસ્તાવેજ જો કોઈને મળી આવેલ હોય તો અમોને દિન-૭ મા નીચેના સરનામે રજુ કરશો. તેમજ ઉપરોકત મિલ્કત ઉપર કોઈનુ કોઈપણ પ્રકારનુ લેણ દેણ, હકક, હિત, હિસ્સો, લાગભાગ, અગ્રહકક, ગીરો-બોજો, તારણ, ભાડુઆતી હકક હોય તો તેમણે નીચે સહી કરનારને નીચે દર્શાવેલ સરનામે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭(સાત)મા લેખીત આધાર પુરાવા સાથે રજુઆત કરવી, જો તેમ નહી કરવામાં આવે તો કોઈનુ કંઈ લેણ કે દેણ કે હકક, હિત, હિસ્સો, અગ્રહકક, ગીરો-બોજો, તારણ કે ભાડુઆતી હક્ક નથી અને હોય તો જતા (WAIVE) કરેલ છે. તેમ માની આ મિલ્કત અંગે અમો ટાઈટલ કલીયરન્સ સટીર્ફીકેટ ઈસ્યુ કરવાની આગળની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યાર બાદ કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો વાંધા કે તકરાર ધ્યાને લેવામા આવશે નહિ. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તારીખ: ૧૯/૭/૨૦૨૫

**અશ્વિન એમ.પટેલ**
એડવોકેટ એન્ડ નોટરી
આકાર કોમ્પલેક્ષ, પ્રથમ માળ,
નાગનાથ મહાદેવ બસ સ્ટોપની બાજુમા,
સરકારી ગર્લ્સ હાઈસ્કૂલ પાસે, અમરેલી


## આલીદર ગામે સામાન્ય વરસાદમાં પણ ગોઠણસમાં પાણી

**આ સમસ્યાનો યોગ્ય નિકાલ નહી આવે તો ગ્રામજનોની આંદોલનની ચીમકી**

આલીદર,તા.૧૮

આલીદર ગ્રામ પંચાયતની નિષ્ફળતાને કારણે ગામના ગાયત્રી મંદિર વિસ્તારમાં સામાન્ય વરસાદમાં પણ ગોઠણસમાં પાણી ભરાય છે.

આ વિસ્તારના મકાનો અંદાજિત ૪૦ વર્ષ પહેલાંના છે, પરંતુ તમામ રસ્તાઓ અણઘડ રીતે પુરાણ કરીને ઊંચા લેવાયા છે, જેથી લોકોના ઘરોમાં વરસાદી પાણી ઘૂસી જાય છે અને જાનમાલને વારંવાર નુકસાન થાય છે. વહીવટી તંત્ર લોકોની સમસ્યાને હળવાશથી લઈ રહ્યું છે.

વળી, સ્થાનિક લોકો ગ્રામ પંચાયતની મંજૂરી વગર પોતાના ઘર પાસે ગૌચરમાંથી માટી નાખી પુરાણ કરે છે, જેનાથી કુદરતી પાણી નિકાલની વ્યવસ્થા અવરોધાય છે. તેમ છતાં ગ્રામ પંચાયત આલીદર કોઈ કાર્યવાહી કરતી નથી. હવે જોવું રહ્યું કે આનો યોગ્ય નિકાલ આવશે કે લોકોએ આંદોલન કરવું પડશે.




**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી. નંબર/૧૨૩/૨૦૨૫

અરજદાર :- ગીતાબેન D/O હરજીભાઈ શિયાળ
સરનામું :- ભેરાઈ રોડ, રાજુલા, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
ચીફ ઓફિસરશ્રી, રાજુલા
તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રાજુલા ગામના શ્રી ગીતાબેન D/O હરજીભાઈ શિયાળ એ તેમના માતા શ્રી.સ્વ. શાંતુબેન હરજીભાઈ શિયાળનુ મરણે તા.૦૪/૦૫/૧૯૯૦ તથા તેમના પિતા શ્રી.સ્વ. હરજીભાઈ જોઘાભાઈ શિયાળનું મરણે તા.૦૩/૦૩/૧૯૯૩ ના રોજ રાજુલા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી આર.એન.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજૂ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૮ માહે. ૭ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી.
સ્થળ : રાજુલા. (કોર્ટનો સિક્કો) તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
તા.૧૮/૦૭/૨૦૨૫ રાજુલા

# પીએમ મોદીના હસ્તે બિહારથી દિલ્હી સુધી બે નવીઅમૃતભારતએક્સપ્રેસટ્રેનનુંઉદ્ઘાટન

પટણા,તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે બિહારના બાપુધામ મોતીહારીથી બિહારને ૪ નવી અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનો ભેટ આપી હતી. પીએમ મોદીએ શુક્રવારે રાજેન્દ્ર નગર ટર્મિનલ (પટના)-નવી દિલ્હી અમૃત ભારત એક્સપ્રેસ, માલદા ટાઉન-ભાગલપુર-ગોમતી નગર (લખનૌ) અમૃત ભારત એક્સપ્રેસ, દરભંગા-ગોમતી નગર (લખનૌ)



અમૃત ભારત એક્સપ્રેસ અને બાપુધામ મોતીહારી-આનંદ વિહાર (દિલ્હી) અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. અહીં આપણે રાજેન્દ્ર નગર ટર્મિનલ (પટણા)-નવી દિલ્હી અને બાપુધામ મોતીહારી-આનંદ વિહાર (દિલ્હી) એક્સપ્રેસ ટ્રેનોનો સંપૂર્ણ રૂટ અને ભાડું જાણીશું. અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેન, જે ૩૧ જુલાઈથી પટણાના રાજેન્દ્ર નગર ટર્મિનલથી નવી દિલ્હી સુધી દરરોજ દોડશે, તે તેની મુસાફરી દરમિયાન પટણા જંક્શન, દાનાપુર, આરા, બક્સર, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શન, સુબેદારગંજ (પ્રયાગરાજ), ગોવિંદપુરી (કાનપુર) અને ગાઝિયાબાદ રેલવે સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેન ૯૮૭ કિ.મી.ની મુસાફરી ૧૭ કલાક અને ૨૫ મિનિટમાં પૂર્ણ કરશે.

# ટીએમસીના ગુંડા ટેક્સથી બંગાળમાં રોકાણ અટક્યું પીએમ મોદીએ મમતા સરકાર પર કર્યા પ્રહાર

કોલકતા,તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં ૫,૪૦૦ કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. આ દરમિયાન તેમણે મમતા બેનર્જી સરકાર પર પણ મોટો પ્રહાર કર્યો. તેમણે કહ્યું કે બંગાળમાં કોઈ રોકાણકાર આવી રહ્યા નથી. અહીંનો વિકાસ અટકી ગયો છે. તેમણે એમ પણ કહ્યું કે ટીએમસીના 'ગુંડા ટેક્સ'ને કારણે



રોકાણકારો રાજ્યમાં આવતા ડરે છે. આ પ્રકારની ભ્રષ્ટ અને ભયની રાજનીતિએ બંગાળની આર્થિક પ્રગતિ અટકાવી દીધી છે અને યુવાનોને રોજગારથી વંચિત રાખ્યા છે. આ રેલીમાં, પીએમએ દુર્ગાપુર માટે કહ્યું કે તે માત્ર સ્ટીલ શહેર જ નથી, પરંતુ ભારતના શ્રમબળનું એક મોટું કેન્દ્ર પણ છે. પીએમએ કહ્યું કે આ પ્રોજેક્ટ્સ પ્રદેશની કનેક્ટિવિટી વધારશે અને ગેસ આધારિત પરિવહનને પણ મજબૂત બનાવશે. જાહેર સભામાં, પીએમ મોદીએ કહ્યું કે આ પહેલ ભારતને વિકસિત બનાવવા તરફ મહત્વપૂર્ણ પગલું છે. આપણે બંગાળને આ ખરાબ તબક્કામાંથી બહાર કાઢવાનું છે, અને આજે અહીં શરૂ થયેલા પ્રોજેક્ટ્સ તેનું પ્રતીક છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે આજે આખો દેશ એક જ લક્ષ્ય સાથે આગળ વધી રહ્યો છે. આ દરમિયાન તેમણે ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે ત્રણ મૂળભૂત મંત્ર પણ આપ્યા અને કહ્યું કે આ કરવાનો એકમાત્ર રસ્તો વિકાસ દ્વારા સશક્તિકરણ, રોજગાર દ્વારા આત્મનિર્ભરતા અને સંવેદનશીલતા દ્વારા સુશાસન છે.

# એનસીપી નેતાએ પોલીસના વાહન સામે ધરણા કરતા કસ્ટડીમાં લીધા

મુંબઈ,તા.૧૮

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી નેતા જિતેન્દ્ર આવ્હાડના કાર્યકર નીતિન દેશમુખને મોડી રાત્રે મુંબઈ પોલીસે કસ્ટડીમાં લીધા હતા. આ દરમિયાન, જ્યારે પોલીસ નીતિન દેશમુખને કારમાં બેસાડવા જઈ રહી હતી, ત્યારે જિતેન્દ્ર આવ્હાડ પોલીસની ગાડી સામે બેસી ગયા અને વિરોધ શરૂ કર્યો હતો. ખરેખર, ગુરુવારે, વિધાન ભવનમાં જીતેન્દ્ર આવ્હાડ અને ગોપીચંદ પડલકરના કાર્યકર્તાઓ વચ્ચે ઝપાઝપી થઈ હતી. તે દરમિયાન, પડલકરના કાર્યકર્તાઓએ નીતિન દેશમુખ સાથે ઝપાઝપી કરી હતી. જીતેન્દ્ર આવ્હાડનો આરોપ છે કે હુમલો કરનારા લોકોની ધરપકડ કરવાને બદલે પોલીસ તેમના કાર્યકરને કસ્ટડીમાં લઈ રહી છે. ખરેખર, ગુરુવારે મહારાષ્ટ્ર વિધાન ભવનમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર) ના ધારાસભ્ય જિતેન્દ્ર આવ્હાડ અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના ધારાસભ્ય ગોપીચંદ પડલકરના સમર્થકો વચ્ચે ઝપાઝપી થઈ હતી.

# સુપ્રીમ કોર્ટનો લાલુ યાદવને ઝટકો : નીચલી કોર્ટની કાર્યવાહી પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો

નવીદિલ્હી,તા.૧૮

નોકરી માટે જમીન કૌભાંડ કેસમાં સુપ્રીમ કોર્ટે આરજેડી સુપ્રીમો લાલુ યાદવને મોટો ઝટકો આપ્યો છે. કોર્ટે લાલુ પ્રસાદ યાદવ સામે નીચલી કોર્ટની કાર્યવાહી પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો છે. આ સાથે, દિલ્હી હાઈકોર્ટને કેસની સુનાવણી ઝડપી બનાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. જોકે, સુપ્રીમ કોર્ટે લાલુ યાદવને નીચલી કોર્ટની કાર્યવાહીમાં હાજર રહેવાથી મુક્તિ આપીને થોડી રાહત આપી છે. જસ્ટિસ એમએમ સુંદરેશ અને એન કોટિશ્વર સિંહની બેન્ચ લાલુ પ્રસાદ યાદવની અરજી પર સુનાવણી કરી રહી હતી. બેન્ચે દિલ્હી હાઈકોર્ટને સીબીઆઈ એફઆઈઆર રદ કરવાની તેમની અરજી પર સુનાવણી ઝડપી બનાવવા વિનંતી કરી હતી. તમને જણાવી દઈએ કે આરજેડી સુપ્રીમો ગઈકાલે જ રાહત મેળવવા માટે



સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા. અગાઉ, દિલ્હી હાઈકોર્ટે લાલુ યાદવની આ માંગણી પર રાહત આપવાનો ઈનકાર કરી દીધો હતો. દિલ્હી હાઈકોર્ટે કહ્યું હતું કે કાર્યવાહી પર રોક લગાવવાનું કોઈ નક્કર કારણ નથી. હાઈકોર્ટે સીબીઆઈને નોટિસ જારી કરી હતી અને સુનાવણી ૧૨ ઓગસ્ટ સુધી મુલતવી રાખી હતી. લાલુ પ્રસાદ યાદવે પોતાની અરજીમાં સીબીઆઈ એફઆઈઆર અને ૨૦૨૨, ૨૦૨૩ અને ૨૦૨૪માં દાખલ કરાયેલી ત્રણ ચાર્જશીટ અને કોગ્નિઝન્સ ઓર્ડર રદ કરવાની માંગ કરી હતી.

# રાહુલ ગાંધીએ ટ્વિટ કર્યું : મારા બનેવીને કેન્દ્ર સરકાર હેરાન કરી રહી છે

નવીદિલ્હી,તા.૧૮

સોનિયા ગાંધીના જમાઈ અને જાણીતા ઉદ્યોગપતિ રોબર્ટ વાડ્રાની મુશ્કેલીઓ વધી ગઈ છે. હકીકતમાં, ગુરુગ્રામ જમીન કૌભાંડ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે રોબર્ટ વાડ્રા વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ આ મામલે કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે ટ્વિટર પર લખ્યું, 'મારા બનેવીને છેલ્લા દસ વર્ષથી આ સરકાર દ્વારા હેરાન કરવામાં આવી રહ્યા છે. આ તાજેતરની ચાર્જશીટ એ જ ષડયંત્રનો બીજો એક ભાગ છે. હું રોબર્ટ, પ્રિયંકા અને તેમના બાળકો સાથે છું કારણ કે તેઓ દૂષિત, રાજકીય રીતે પ્રેરિત બદનક્ષી અને હેરાનગતિના વધુ એક હુમલાનો સામનો કરી રહ્યા છે. હું જાણું છું કે તેઓ બધા કોઈપણ પ્રકારની હેરાનગતિનો સામનો કરવા માટે પૂરતા બહાદુર છે અને તેઓ ગૌરવ સાથે આમ કરતા રહેશે. આખરે સત્યનો વિજય થશે.'

# મહારાષ્ટ્રમાં ગુનાનો ગ્રાફ ઉંચકાયો : પાંચ મહિનામાં ૩૫૦૦થી વધુ બળાત્કાર અને ૯૨૪ હત્યાના કેસ નોંધાયા

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૮

મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં વિપક્ષના નેતા અંબાદાસ દાનવેએ રાજ્યમાં કથળતી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી. વિપક્ષ દ્વારા પ્રાયોજિત ઠરાવ પર ચર્ચા દરમિયાન સત્તાવાર ગુનાના આંકડા ટાંકીને, શિવસેના યુબીટી એમએલસીએ દાવો કર્યો હતો કે ૧ જાન્યુઆરીથી ૩૧ મે, ૨૦૨૫




દરમિયાન મહારાષ્ટ્રમાં ૧.૬ લાખ ગુનાહિત કેસ નોંધાયા હતા. દાનવેના જણાવ્યા મુજબ, વર્ષના પ્રથમ પાંચ મહિનામાં હત્યાના ૯૨૪ કેસ (દરરોજ સરેરાશ છ) અને બળાત્કારના ૩,૫૦૬ કેસ (એટલે કે દરરોજ ૨૩ ઘટનાઓ) નોંધાયા હતા. નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના ગૃહ જિલ્લા નાગપુરનો ઉલ્લેખ કરતા, દાનવેએ આરોપ લગાવ્યો કે તે જ સમયગાળા દરમિયાન જિલ્લામાં નોંધાયેલા કુલ ૧૦,૪૨૩ ગુનાહિત કેસમાંથી ૬,૦૦૦ ફક્ત શહેરમાં જ નોંધાયા હતા. ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિ સરકારની આંતરિક સુરક્ષા જાળવવામાં કથિત નિષ્ફળતાની તેમની વ્યાપક ટીકાના ભાગ રૂપે આ આંકડા રજૂ કરવામાં આવ્યા હતા.

# ઈન-હાઉસ તપાસ પેનલના રિપોર્ટમાં જસ્ટિસ યશવંત વર્મા દોષિત ઠરતા સુપ્રીમમાં અરજી

નવીદિલ્હી,તા.૧૮

કેશ કૌભાંડમાં ફસાયેલા જસ્ટિસ યશવંત વર્મા પર મહાભિયોગની તલવાર લટકી રહી છે. એવું માનવામાં આવે છે કે સરકાર સંસદના આગામી ચોમાસુ સત્રમાં તેમની સામે મહાભિયોગનો પ્રસ્તાવ લાવી શકે છે. આ પહેલા, જસ્ટિસ યશવંત વર્માએ હવે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. આ અરજીમાં તેમણે સુપ્રીમ કોર્ટના



ઈન-હાઉસ તપાસ પેનલના રિપોર્ટને પડકાર્યો છે, જેમાં તેમને દોષિત ઠેરવવામાં આવ્યા છે. એટલું જ નહીં, તેમણે અરજીમાં સુપ્રીમ કોર્ટના તત્કાલીન સીજેઆઈ સંજીવ ખન્નાના મહાભિયોગની ભલામણને પણ પડકારી છે. તમને જણાવી દઈએ કે આ સમગ્ર મામલો જસ્ટિસ યશવંત વર્માના નિવાસસ્થાનેથી મળી આવેલી મોટી રકમની રોકડ સાથે સંબંધિત છે. વાસ્તવમાં, ૧૪-૧૫ માર્ચની રાત્રે દિલ્હી હાઈકોર્ટના તત્કાલીન જસ્ટિસ યશવંત વર્માના સત્તાવાર નિવાસસ્થાનમાં આગ લાગી હતી. આગ બુઝાવવા પહોંચેલી ટીમને તે ઘરના સ્ટોર રૂમમાંથી ૫૦૦ રૂપિયાના બળેલા બંડલ મળ્યા. આ મામલે ઘણો હોબાળો થયો હતો. આ પછી, સુપ્રીમ કોર્ટે ત્રણ ન્યાયાધીશોની ઈન-હાઉસ તપાસ સમિતિની રચના કરી. ત્રણ ન્યાયાધીશોની પેનલે જસ્ટિસ વર્મા અને તેમના પરિવારને ''પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે'' રોકડ રાખવા માટે જવાબદાર ઠેરવ્યા હતા.

# દેશનું પ્રથમ સ્વદેશી ડાઈવિંગ સપોર્ટ વેસલ નૌકાદળના કાફલામાં જોડાયું

વિશાખાપટ્ટનમ,તા.૧૮

પ્રથમ સ્વદેશી ડાઈવિંગ સપોર્ટ વેસલ નૌકાદળમાં જોડાયું છે, ફક્ત થોડા દેશો પાસે જ આ ખાસ શક્તિ છે. ભારતીય નૌકાદળની તાકાતમાં વધુ વધારો થયો છે. હકીકતમાં, શુક્રવારે દેશનું પ્રથમ સ્વદેશી ડાઈવિંગ સપોર્ટ વેસલ નૌકાદળના કાફલામાં જોડાયું છે. વિશાખાપટ્ટનમના નેવલ ડોકયાર્ડ ખાતે કેન્દ્રીય



સંરક્ષણ રાજ્યમંત્રી સંજય સેઠની હાજરીમાં આઈએનએસ નિસ્તારને નૌકાદળના કાફલામાં સામેલ કરવામાં આવ્યું હતું. આઈએનએસ નિસ્તાર દેશમાં જ ડિઝાઈન અને બનાવવામાં આવ્યું છે.

# હિન્દુ, બૌદ્ધ અને શીખ સિવાય અન્ય કોઈપણ વ્યક્તિનું એસ.સી .પ્રમાણપત્ર રદ થશે : ફડણવીસ

મુંબઈ,તા.૧૮

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે વિધાનસભા પરિષદમાં એક મોટું નિવેદન આપ્યું છે. મુખ્યમંત્રીએ કહ્યું છે કે જો રાજ્યમાં હિન્દુ, બૌદ્ધ અને શીખ સિવાય અન્ય કોઈ ધર્મના વ્યક્તિએ અનુસૂચિત જાતિ પ્રમાણપત્ર મેળવ્યું છે, તો તે પ્રમાણપત્ર રદ કરવામાં આવશે. આ સાથે, ફડણવીસે કહ્યું છે કે જો કોઈએ પ્રમાણપત્ર મેળવીને સરકારી નોકરીઓમાં અનામતનો લાભ લીધો છે, તો તેની સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે માહિતી આપી છે કે જો કોઈ વ્યક્તિ SC પ્રમાણપત્રનો ઉપયોગ કરીને ચૂંટણી જીતી ગઈ હોય, તો તેની ચૂંટણી રદ કરવામાં આવશે. ભાજપના નેતા અમિત ગોરખેએ દાવો કર્યો છે કે 'ઓળખ છુપાવનારા ખ્રિસ્તીઓ' ધાર્મિક સ્વતંત્રતાનો દુરુપયોગ કરી રહ્યા છે.

# રશિયા સાથે ચાલી રહેલા ભયંકર યુધ્ધ વચ્ચે યુક્રેનમાં યુલિયા સ્વિરિડેન્કો પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યા

કિવ,તા.૧૮

રશિયા સાથે ચાલી રહેલા ભયંકર યુદ્ધ વચ્ચે યુક્રેને તેના નવા વડાપ્રધાનની પસંદગી કરી છે. યુક્રેનની સંસદમાં લેવાયેલા ઐતિહાસિક નિર્ણયમાં, યુલિયા સ્વિરિડેન્કોને દેશના નવા વડાપ્રધાન તરીકે ચૂંટવામાં આવ્યા. સંસદમાં યોજાયેલ મતદાનમાં, ૨૬૨ સાંસદોએ તેમના પક્ષમાં મતદાન કર્યું, જ્યારે ૨૨ વિરોધમાં અને ૨૬ સભ્યો



મતદાનથી દૂર રહ્યા. આમ, યુલિયાને બહુમતીથી યુક્રેનના નવા વડાપ્રધાન તરીકે ચૂંટવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ યુલિયાને સંપૂર્ણ ટેકો આપ્યો. યુલિયા સ્વિરિડેન્કો, જે અગાઉ પ્રથમ નાયબ વડાપ્રધાન અને અર્થતંત્ર પ્રધાન તરીકે સેવા આપી રહ્યા હતા. હવે તે દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે યુક્રેન રશિયા સાથે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે આંતરિક સ્થિરતા અને આર્થિક પુનર્નિર્માણ તરફ નિર્ણાયક પગલાં લઈ રહ્યું છે.

# 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'એ 'અનુપમા' શોને ઝાંખો પાડી ટીઆરપીમાં ધૂમ મચાવી

મુંબઈ,તા.૧૮

જુલાઈના ત્રીજા અઠવાડિયાનો ટીઆરપી રિપોર્ટ આવી ગયો છે અને ફરી એકવાર 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' રેટિંગ ચાર્ટમાં પ્રથમ સ્થાને છે. એવું લાગે છે કે હવે દર્શકો ભાવનાત્મક નાટકને બદલે કોમેડી તરફ વળ્યા છે કારણ કે સૌથી લાંબી ચાલતી સિટકોમ નંબર વન પર છે. 'અનુપમા' અને 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ' ટોચના ૫ માં સ્થાન મેળવી




ચૂક્યા છે. ૨૭મા અઠવાડિયામાં ટીઆરપી યાદીમાં કોઈ મોટો ફેરફાર થયો નથી. 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ના ભૂતિયા ટ્રેકે ટીઆરપીમાં ધૂમ મચાવી છે. આ એપિસોડની વાર્તાએ અત્યાર સુધી લોકોને જકડી રાખ્યા છે. દિલીપ જોશી, અમિત ભટ્ટ, મુનમુન દત્તાના શોને આ અઠવાડિયે ૨.૬ રેટિંગ મળ્યા છે. આ ચોથું અઠવાડિયું છે જ્યારે આ સિટકોમ ટીઆરપી રિપોર્ટમાં પ્રથમ સ્થાને રહ્યું છે. આ વખતે ટીઆરપી પાછલા રેટિંગ કરતા વધુ સારી છે. છેલ્લા ટીઆરપી રિપોર્ટમાં, 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ને ૨.૫ રેટિંગ મળ્યા હતા. 'અનુપમા' એ આ અઠવાડિયે ટીઆરપી રિપોર્ટમાં બીજું સ્થાન મેળવ્યું છે. રૂપાલી ગાંગુલી અભિનીત શો હાલમાં અનુપમા અને રાહી વચ્ચેના તફાવતોની આસપાસ ફરે છે.

# અમેરિકાએ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા માટે જવાબદાર 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ'ને આતંકવાદી સંગઠન જાહેર કર્યું

વોશિંગ્ટન,તા.૧૮

આતંકવાદ સામે ભારતના આંતરરાષ્ટ્રીય અભિયાનને મોટી સફળતા મળી છે. અમેરિકાએ પહેલગામ આતંકવાદી હુમલા માટે જવાબદાર પાકિસ્તાન સમર્થિત 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ'ને આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે લશ્કર-એ-તૈયબાના પ્રોક્સી સંગઠન ટીઆરએફને વિદેશી આતંકવાદી સંગઠનો અને ખાસ નિયુક્ત વૈશ્વિક



આતંકવાદીઓની યાદીમાં સામેલ કર્યું છે. તમને જણાવી દઈએ કે એપ્રિલ મહિનામાં જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા હુમલામાં ૨૬ પ્રવાસીઓની હત્યાની જવાબદારી ટીઆરએફએ લીધી હતી. અમેરિકાએ એ પણ સ્વીકાર્યું કે ટીઆરએફ એ લશ્કર-એ-તૈયબાનું એક ફ્રન્ટ સંગઠન છે, જેને યુએન દ્વારા પહેલાથી જ આતંકવાદી સંગઠન જાહેર કરવામાં આવ્યું છે અને પ્રતિબંધિત કરવામાં આવ્યું છે. ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા હુમલા બાદ ટીઆરએફએ જવાબદારી લીધી હતી. તે લશ્કરનું એક ફ્રન્ટ સંગઠન છે જે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી ઘટનાઓને અંજામ આપે છે. યુએસ સ્ટેટ સેક્રેટરી માર્કો રુબિયોએ આ માહિતી આપી છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ટીઆરએફને આતંકવાદી સંગઠન જાહેર કરવું એ ટ્રમ્પ વહીવટીતંત્રની આપણા રાષ્ટ્રીય સુરક્ષા હિતોનું રક્ષણ કરવા, આતંકવાદ સામે લડવા અને પહેલગામ હુમલા માટે ન્યાય મેળવવાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

### જયાં સુધી મુખ્યમંત્રી આકરા પાણીએ નહી થાય ત્યાં સુધી 'હમ નહી સુધરેંગે'

# અમરેલી જિલ્લામાં મુખ્યમંત્રીની સૂચના બાદ જ અધિકારીઓ કેમ જાગે છે?

**મયુર પંડયા**
અમરેલી,તા.૧૮





રાજયમાં ભારે વરસાદને કારણે સરકારની મેઘરાજાએ પોલ ખોલી છે. કોન્ટ્રાકટર સાથે સાંઠગાઠ ધરાવતા અમુક અધિકારીઓ અને નેતાઓના પાપે નાગરિકોના લલાટે હાલાકી લખાયેલી છે. તાજેતરમાં જ મુખ્યમંત્રીએ યોજેલી બેઠકમાં રાજયના રોડ-રસ્તા રિપેર કરવા માટે આદેશ આપ્યો હતો. જો કે મુખ્યમંત્રીનો આદેશ હોય એટલે સરકારી બાબુઓએ આળસ ખંખેરી હતી અને જે જગ્યાએ મસમોટા ખાડાઓ કે રસ્તાઓ બિસ્માર હોય તેમાં પણ પેચવર્કની કામગીરી શરૂ કરી છે. આવું જ કંઈક અમરેલી જિલ્લામાં પણ થઈ રહ્યું છે. માર્ગ-મકાન ખાતુ દરરોજ પોતે કરેલી કામગીરી મીડિયામાં ચમકાવી રહ્યું છે અને તાબડતોબ રસ્તા રિપેરીંગનું કામ કરી રહી છે. જો કે જિલ્લામાં અનેક સ્થળોએ રસ્તાઓ બિસ્માર હાલતમાં છે.

વર્ષો સુધી સામાન્ય નાગરિક રાજકીય નેતાઓને ફરિયાદ કરતો આવ્યો છે પરંતુ સ્થાનિક રાજકીય નેતાઓ પણ નાગરિકોને માત્ર સાંત્વના આપી રહ્યા હતા. અમરેલી જિલ્લાના નાગરિકો એક જ સવાલ પૂછી રહ્યા હતા કે જયારે પ્રજા ટેક્ષ ચુકવી રહી છે ત્યારે સારો રસ્તો બનાવવા માટે શું ભીખ માંગવાની? પરંતુ સામાન્ય નાગરિકની રજૂઆત કોઈ નેતા કે અધિકારીઓ સાંભળતા નથી.

જિલ્લાના મુખ્ય માર્ગો ખખડધજ થઈ ગયા છે. વર્ષોથી વાહનચાલકો આ હાલાકીનો સામનો કરે છે. રાજકીય નેતાઓને પણ લોકોની તકલીફની ખબર છે પરંતુ અમરેલી જિલ્લાના નેતાઓ અધિકારીઓને રસ્તા રિપેર કરવા માટે શા માટે કંઈ કહી શકતા નથી? એવા અનેક રસ્તાઓ છે જે વર્ષોથી બિસ્માર હાલતમાં છે પરંતુ જયારે ચોમાસુ આવે ત્યારે અધિકારીઓને રસ્તો રિપેર કરવાનું સુઝે છે. રાજય સહિત અમરેલી જિલ્લાના રસ્તાઓ તાત્કાલિક રિપેર કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અધિકારીઓને આદેશ આપતા અધિકારીઓ પણ સફાળા જાગ્યા છે. જયાં સુધી મુખ્યમંત્રી આદેશ ન કરે ત્યાં સુધી અધિકારીઓએ 'હમ નહી સુધરેંગે'નું સુત્ર અપનાવ્યું છે. રાજયના નાગરિકો વર્ષોથી ટેક્ષ ભરે છે પણ મુખ્યમંત્રી સૂચના આપે ત્યારે જ રસ્તા રિપેરીંગ કરવામાં આવે તે ખુબ જ શરમજનક બાબત હોવાનું નાગરિકો જણાવી રહ્યાં છે. આમ, જયારે મુખ્યમંત્રી સૂચના આપે ત્યારે જ અધિકારીઓ કેમ જાગે છે? તેવો સવાલ આમ જનતામાં ઉઠવા પામ્યો છે.

#### માર્ગ-મકાન ખાતાનું ફોટોસેશન

અમરેલી જિલ્લાના અનેક માર્ગો બિસ્માર હાલતમાં છે ત્યારે મુખ્યમંત્રીની કડક સૂચનાથી અમરેલી માર્ગ-મકાન ખાતુ પણ હવે જાગ્યું છે અને પેચવર્કનું કામ જોરશોરથી શરૂ કરવામાં આવ્યુ છે. પેચવર્કના કામના ફોટો મીડિયાના માધ્યમથી સરકાર સુધી પહોંચાડવામાં આવી રહ્યાં છે ત્યારે વર્ષોથી ખખડધજ હાલતમાં રહેલા માર્ગ તંત્રને પહેલા કેમ ન દેખાયા તેવો સવાલ પ્રબુધ્ધ નાગરિકો ઉઠાવી રહ્યા છે.

#### તંત્રને નબળા પુલ હવે દેખાયા

અમરેલી જિલ્લામાં આવેલા અનેક પુલ ધરાશાયી થવાના વાંકે ઉભા છે. આ બાબતે અનેકવાર તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી પરંતુ તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવતી નહોતી. જ્યારે દક્ષિણ ગુજરાતથી સૌરાષ્ટ્રને જોડતો ગંભીરા પુલ ધરાશાયી થયો જેમાં ૨૦ લોકોના જીવનદીપ બુઝાઈ ગયા ત્યારે સરકાર અચાનક જાગી અને તમામ પુલનો સર્વે કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. જેમાં અમરેલી જિલ્લામાં આવેલા માચીયાળા, અમરેલીની સાવરકુંડલા ચોકડીથી બગસરા જતા બાયપાસ રોડ પર આવેલો પુલ તાત્કાલિક બંધ કરવો પડ્યો હતો તેમજ જિલ્લામાં આવેલા નાના-મોટા પુલનું મરામત કામ હાથ ધરવામાં આવી રહ્યું છે. ત્યારે સવાલ એ થાય છે કે શું કોઈના જીવનદીપ બુઝાય પછી જ પુલનું સમારકામ કરવામાં આવશે?

**ખખડધજ રસ્તાઓ અંગે લોકોએ વારંવાર રજૂઆત કરી હતી પરંતુ કોઈ અધિકારીઓ ધ્યાન આપતા નહોતા, હવે દોડવા લાગ્યા**

# સામાન્ય બોલાચાલીમાં ઘોઘા પંથકના યુવાનની નિર્મમ હત્યાથી ચકચાર

ભાવનગર,તા.૧૮



ભાવનગર જિલ્લાના ઘોઘા પંથકના ભુતેશ્વર ગામે ૩૪ વર્ષીય પિયુષ મંગાભાઈ કંટારીયાની તીક્ષ્ણ હથિયારોના ઘા ઝીંકીને હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. ભુતેશ્વર ગામની બિચ્છુ નોનવેજ રેસ્ટોરન્ટમાં રાત્રે ભોજન દરમિયાન પિયુષ મંગાભાઈ કંટારીયા અને આરોપીઓ વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી થઈ હતી. આ ઝઘડો ટૂંક સમયમાં હિંસક બન્યો અને આરોપીઓ, સુનિલ કંટારીયા અને હાર્દિક કંટારીયાએ તીક્ષ્ણ હથિયારો વડે પિયુષ પર હુમલો કર્યો. આ હુમલામાં પિયુષને ગંભીર ઈજાઓ થઈ, અને તેનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. હત્યાની આ ઘટનાએ સ્થાનિક લોકોમાં આઘાત અને ભયનું વાતાવરણ સર્જ્યું છે. પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી અને હત્યારાઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### લૂંટના ઈરાદે હત્યા થઈ હોવાનું પ્રાથમિક તારણ

# વડીયા તાલુકાના ઢુંઢીયા પીપળીયા ગામે વૃધ્ધ દંપતીની નિર્મમ હત્યા

અમરેલી,તા.૧૮



અમરેલી જિલ્લામાં વૃધ્ધ દંપતીની નિર્મમ હત્યા થતા સમગ્ર જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે. વડીયાના ઢુંઢીયા પીપળીયા ગામે એકલા રહેતા વૃધ્ધ દંપતીની નિર્મમ હત્યા કરવામાં આવી છે. જાણવા મળતી માહિતી મુજબ વડીયા તાલુકાના ઢુંઢીયા પીપળીયા ગામે રહેતા વૃધ્ધ દંપતી ચકુભાઈ બોઘાભાઈ રાખોલીયા(ઉ.વ.૭૫) અને તેમના પત્ની કુંવરબેન ચકુભાઈ રાખોલીયા (ઉ.વ.૭૨)ની હત્યા થઈ હોવાનું સામે આવ્યું છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ કુંવરબેન બાજુમાં રોજ દુધ-છાશ લેવા જતા હોવાથી આજે આખો દિવસ દુધ-છાશ લેવા આવ્યા નહોતા જેથી પાડોશીએ ઘરે જઈને તપાસ કરતા વૃધ્ધ દંપતીની હત્યા થઈ હોવાનુ સામે આવ્યું હતું. આ ઘટનાની જાણ થતા ગામલોકોના ટોળા ઉમટ્યા હતા. આ ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. આ હત્યા લૂંટના ઈરાદે થઈ હોવાનું પ્રાથમિક તારણમાં માનવામાં આવી રહ્યુ છે. વૃધ્ધ દંપતીના સંતાનો રાજકોટ અને સુરત રહેતા હોવાથી તેમને આ હત્યાની જાણ કરવામાં આવતા તેઓ પણ ઢુંઢીયા પીપળીયા આવવા માટે રવાના થયા હતા. પોલીસ આ ઘટનાની બારકાઈથી તપાસ કરી છે. ઘટનાની જાણ થતાં ધારાસભ્ય કૌશિક વેકરીયા ઘટના સ્થળે પહોંચ્યા હતા.

#### પાઈપ અને કુહાડીના ઘા મારી હત્યા કરાઈ

વડીયાના ઢુંઢીયા પીપળીયા ગામે વૃધ્ધ દંપતીની હત્યા થતાં સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. વૃધ્ધ દંપતીના મૃતદેહને જોતા પાઈપના ઘા અને કુહાડી મારી હત્યા કરી હોવાનું જણાઈ રહ્યું છે. વૃધ્ધાના કાનમાંથી સોનાની બુટીની લૂંટ કરી હત્યારાઓ ફરાર થઈ ગયા હતા.

# કલોલમાં રિક્ષાચાલકે મહિલા હોમગાર્ડ પર કર્યો એસિડ એટેક, આરોપી ઝડપાયો

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૧૮

ગાંધીનગરના કલોલમાં એસિડ એટેકનો મામલો સામે આવ્યો છે. એક મહિલા હોમગાર્ડે રિક્ષા રોકી હતી તેની અદાવત રાખી અડધા કલાક પછી, એ રિક્ષાચાલકે તેમના પર એસિડથી હુમલો કર્યો. રિક્ષાચાલકે એસિડની બોટલ લાવીને મહિલા પર એસિડ ફેંક્યું હતું. આ હુમલામાં, શરીર પર એસિડ પડતાં મહિલા હોમગાર્ડ દાઝી ગઈ. હુમલા બાદ રિક્ષા ચાલક ભાગી ગયો.



જણાવીએ કે, પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને આરોપી રિક્ષાચાલક અશોક રાવતની ધરપકડ કરી. કલોલ પોલીસ હુમલા પાછળનો હેતુ અને અન્ય કોઈ કારણ હતું કે કેમ તે જાણવા માટે વધુ તપાસ કરી રહી છે.






# ગાંધીનગર નશાબંધી વિભાગના નાયબ નિયામક પર ૧૦૦૦ કરોડથી વધુના ભ્રષ્ટાચારનો આક્ષેપ

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૧૮

ગુજરાતના ગાંધીનગર નશાબંધી વિભાગના નાયબ નિયામક કેતન દેસાઈ પર બનાસકાંઠાના ભાજપ નેતા મહેશ દવે દ્વારા ૧૦૦૦ કરોડથી વધુના ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપ લગાવવામાં આવ્યા છે. આ આક્ષેપ અનુસાર, દેસાઈએ પોતાના અંગત ફાયદા માટે મોલાસીસના વેપારીઓને ગેરકાયદે લાભ પહોંચાડી સરકારની આવકને મોટું નુકસાન પહોંચાડ્યું છે. આ



ઘટનાએ રાજ્યના રાજકીય અને વહીવટી વર્તુળોમાં ખળભળાટ મચાવી દીધો છે.

મહેશ દવેના જણાવ્યા અનુસાર, કેતન દેસાઈએ બનાસકાંઠાની સરહદ પરથી મોલાસીસના ટેન્કરોને ગેરકાયદેસર રીતે પસાર થવા દઈને સરકારની આવકને ૧૦૦૦ કરોડથી વધુનું નુકસાન પહોંચાડ્યું છે. આ ઉપરાંત, મોલાસીસના સ્ટોરેજ અને સપ્લાય સંબંધિત નિયમોનું ઉલ્લંઘન કરીને દેસાઈએ મોટું કૌભાંડ આચર્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ આક્ષેપમાં એવો પણ દાવો છે કે દેસાઈએ મોલાસીસના વેપારીઓ સાથે મળીને ગેરકાયદેસર નાણાકીય લાભ મેળવ્યો, જેથી સરકારની રેવન્યુ આવકને ભારે નુકસાન થયું.

મહેશ દવેએ આ મામલે ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ અને આઈએએસ અધિકારી એમ. કે. દાસને લેખિત અરજી કરી, આ ગંભીર આક્ષેપની નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. તેમણે ''ઓપરેશન ગંગાજળ'' હેઠળ ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ, વરિષ્ઠ આઈએએસ અધિકારી અને એન્ટી-કરપ્શન બ્યુરોના આઈપીએસ પોલીસ અધિકારીની સમિતિ દ્વારા વિગતવાર તપાસની માંગ કરી છે.








